

* ભગવાન ! એક ક્ષણ પણ તને તારો વિચાર નથી ! તું એક ક્ષણમાત્ર પણ તારું સ્મરણ કરતો નથી ને ધંધાદિમાં કાળ ગુમાવી રહ્યો છે. મહા દુર્લભ એવો આ માનવ ભવ મળ્યો છે છતાં તારા આત્માની દરકાર કરતો નથી તો કયા ભવે તારા આત્માને સંસાર સમુદ્રમાંથી ઉગારીશ ? અનંત ભવ ટાળવા માટેનો આ ભવ છે, ભવના અભાવ માટેનો આ ભવ છે—એમ જાણીને હે જીવ ! તું તારા આત્માનું ચિંતન કર.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ અનંત-ઉપકારી પૂજ્ય ગુરુદેવ

卐

કહાન સંવત-૧૩ □ (૫૯૦) * આત્મધર્મ * (અંક-૬ વર્ષ-૫૦) □ વીર સં. ૨૫૧૯ ડિસેમ્બર, ૧૯૯૨

# 卐 આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* હે પ્રભુ ! જીવ ઔર અજીવ પદાર્થોંકો જાનતે હુએ, આસ્રવ ઔર બંધકો રોકતે હુએ, નિરંતર સંવર ઔર નિર્જરાકો કરતે હુએ, મોક્ષરૂપી પ્રિયાકી ચાહ રખતે હુએ, શરીર આદિ પર પદાર્થોંસે ભિન્ન નિર્મલ પરમાત્માકે સ્વરૂપકો યથાર્થરૂપસે અનુભવ કરતે હુએ, ઔર ધર્મધ્યાન ઔર સમભાવમેં શુદ્ધ મનકો લગાતે હુએ મેરા સમય બીતે. ૩૩૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૨૪)

* હે જિનેન્દ્ર ! ક્યા આપ મેરે સાથ નહીં ચલેંગે ? ક્યા આપ મુજે મુક્તિ પહુંચનેમેં મદદ ન દેંગે ? આપ સહકારી હૈ. આપકી મદદસે મૈં સ્વયં ઉસ મોક્ષસ્થાનકો મિલા લૂંગા. વહ સ્થાન ઐસા હૈ જહાં વીતરાગ આત્મા સ્વયં અપને શુદ્ધ જ્ઞાનકે ભીતર નિવાસ કરતા હૈ. વહી કમલ હૈ, વહી જ્ઞાનચેતનામેં રમણ હૈ, વહી વીતરાગતાકા ઘર હૈ વ રહનેકા ઠિકાના હૈ. ૩૩૪. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૨, પાનું–૧૫૮)

* જેવી રીતે કોઈ પુણ્યવાન જીવના હાથમાં ચિંતામણિરત્ન હોય છે તેનાથી સર્વ મનોરથ પૂરા થાય છે, તે જીવ લોઢું, તાંબુ, રૂપું એવી ધાતુનો સંગ્રહ કરતો નથી. તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવની પાસે શુદ્ધ સ્વરૂપ–અનુભવ એવું ચિંતામણિરત્ન છે, તેનાથી સકળ કર્મક્ષય થાય છે, પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે; તે સમ્યગ્દૃષ્ટિ જીવ શુભ–અશુભરૂપ અનેક ક્રિયા–વિકલ્પનો સંગ્રહ કરતો નથી કારણ કે તેનાથી કાર્યસિદ્ધિ થતી નથી. ૩૩૫.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ–૧૪૪)

* જે જીવો મનુષ્યપર્યાયમાં ઉત્તમ કુળમાં જન્મ લઈને કષ્ટપૂર્વક બુદ્ધિચાતુર્યને પામ્યા છે તથા જેમણે પૂર્વોપાર્જિત પુણ્યકર્મના ઉદયથી કોઈ પણ પ્રકારે જૈનમતમાં ભક્તિ પણ પ્રાપ્ત કરી લીધી છે છતાં પણ જો તેઓ સંસાર-સમુદ્રને પાર કરાવીને સુખ ઉત્પન્ન કરનાર ધર્મ કરતાં નથી તો સમજવું જોઈએ કે તે દુર્બુદ્ધિજનો હાથમાં પ્રાપ્ત થવા છતાં પણ અમૂલ્ય રત્ન છોડી દે છે. ૩૩૬.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ–૧, શ્લોક–૧૬૯)

કહાન સંવત-૧૩ વર્ષ-૪૯ અંક-૬ ૫૯૦ ]
વીર સંવત ૨૫૧૯ સં. ૨૦૪૯ DEC A.D. 1992




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# 卐 સર્વજ્ઞદેવે જોયેલું વસ્તુનું સ્વરૂપ 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૯ )

શ્રી પરમાત્મપ્રકાશની આ ૫૭મી ગાથા ચાલે છે.

ભગવાન તીર્થંકર સર્વજ્ઞદેવે જગતમાં છ જાતિના અનંત દ્રવ્યો જોયા છે. તે દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયથી સહિત છે. ગુણ એટલે ત્રિકાળી શક્તિ અને પર્યાય એટલે વર્તમાન અવસ્થા—તે સહિત હોય તેને દ્રવ્ય કહે છે.

અહીં દ્રવ્ય તેના 'ગુણપર્યાયયુક્ત' છે એમ કહ્યું છે. આ જ કથન તત્ત્વાર્થ-સૂત્રમાં 'गुणपर्यायवत्‌द्रव्यम्' એ સૂત્ર દ્વારા કહ્યું છે. હવે ગુણ પર્યાયનું સ્વરૂપ કહે છે.

"सहभुवो गुणाः क्रमभुवः पर्यायाः" આ નયચક્ર ગ્રન્થનું કથન છે. તેને જ अन्वयिनो गुणा व्यतिरेकिणः पर्यायाः એવા અર્થમાં પણ કહી શકાય છે. ગુણ તો સદા દ્રવ્યમાં સહભાવી છે અર્થાત્ એકરૂપપણે નિત્ય રહે છે અને પર્યાય ક્રમે ક્રમે થાય છે તથા અનિત્ય છે. આ વાત બરાબર ધ્યાન રાખીને સમજજો.

આત્મા એક દ્રવ્ય છે. દ્રવ્ય એટલે શું?—વસ્તુ. વસ્તુ એટલે જે ગુણ-પર્યાયથી સહિત છે તે વસ્તુ છે. આત્મામાં જે સદાય એકરૂપ નિત્ય રહે છે એવા જ્ઞાન, દર્શન, વીર્ય આદિ તેના ગુણો છે. જે સદા સદૃશ નામ એકરૂપ રહે છે. આત્માને શરીર સહિત કે કર્મસહિત કહ્યો નથી કેમ કે એ તો આત્માની સાથે સંયોગમાં રહેલી ચીજ છે,

આત્મામાં એકરૂપ નથી. શરીર અનંત પરમાણુ દ્રવ્યોનો પિંડ છે તે એક એક પરમાણુ પોતે પુદ્‌ગલ દ્રવ્ય છે અને તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ અનંતગુણો છે તે પરમાણુ સાથે નિત્ય એકરૂપ રહે છે માટે તેને ગુણ કહે છે. આ ગુણથી સહિત છે માટે પરમાણુને પણ દ્રવ્ય કહેવાય છે.

આત્મા પણ એક વસ્તુ છે માટે તેમાં કાયમ રહેનારા જાણવું-દેખવું, આનંદ, અસ્તિત્વ આદિ ગુણો છે તેનાથી આત્મા સહિત છે માટે આત્મા એક દ્રવ્ય નામ વસ્તુ છે. શરીર સહિત છે માટે આત્મા દ્રવ્ય છે એમ નથી.

શ્રોતા :—શરીર વગરનો આત્મા તો બતાવો !

પૂજ્ય ગુરુદેવ :—આ રહ્યો. આ આત્મા શરીર રહિત જ છે. આત્મા શરીરથી રહિત છે, આત્મા બાયડી-છોકરાથી રહિત છે, આત્મા મકાન, દુકાન, પૈસાથી રહિત છે. આ બધાંથી રહિત છે તે આત્મા શેનાથી સહિત છે?—કે આત્મા પોતાના કાયમ અને એકરૂપે રહેનારા જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણોથી સહિત છે.

આ તત્ત્વજ્ઞાનની પહેલાંમાં પહેલી વાત છે. વસ્તુનું આવું સ્વરૂપ સમજ્યા વિના બીજાના ગુણ પોતાના માને છે અને પોતાના ગુણ બીજામાં માનીને અનાદિથી ભ્રમ સેવે છે. કર્મથી સહિત રહેવું તે આત્માનો ગુણ નથી. કર્મના પરમાણુ પોતાના એકરૂપ નિત્ય રહેનારા ગુણોથી સહિત છે. આત્માના સંયોગમાં રહેલાં છે માટે કર્મ આત્માથી સહિત છે એમ નથી. એ જ રીતે, શરીરમાં રોગ આવે છે તે રોગની પર્યાય અને સ્પર્શ, રસાદિ ગુણથી સહિત તો પરમાણુ છે. આત્મા તે રોગની પર્યાયથી સહિત નથી.

શ્રોતા :—રોગ વખતે દુઃખ થતું હોય તોપણ રોગથી સહિત પોતાને ન માનવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ દુઃખની પર્યાયથી આત્મા સહિત છે પણ શરીરના રોગથી એ દુઃખની પર્યાય થઈ નથી. શરીર અને કર્મથી સહિત છે માટે દુઃખ થયું છે એમ નથી. આ વાત આગળ પર્યાયની વાતમાં આવશે.

અહીં તો ગુણની વાત ચાલે છે કે દ્રવ્યમાં જે સદા સહભાવી છે તે ગુણ છે. વસ્તુ કદી પોતાની ત્રિકાળી શક્તિ વિનાનું દ્રવ્ય ન હોય. એકરૂપ અને નિત્ય રહેનારા છે તે ગુણો છે. ગુણો કદી પલટતાં નથી ને દ્રવ્યમાં સદા એકરૂપ રહે છે. નિત્યરૂપ અને એકરૂપ રહેનારા તે ગુણો છે અને અનિત્યરૂપ અને અનેકરૂપ રહે છે તે પર્યાય છે.

પર્યાયનું સ્વરૂપ એવું છે કે, સમયે સમયે ઉત્પાદ-વ્યયરૂપ થાય છે તે પર્યાય છે. માટે જ પર્યાયને ક્રમવર્તી કહેવાય છે. પહેલાં સમયમાં જે પર્યાય હોય તે બીજા સમયમાં

હોતી નથી. પર્યાય અનેકરૂપ હોય છે. દરેક સમયે પર્યાય બદલાય જાય છે. એકરૂપ રહેતી નથી. દરેક દ્રવ્યમાં એક સમયે જે પર્યાય હોય તે બીજા સમયે રહેતી નથી. આવી ક્રમવર્તી પર્યાય અને સહવર્તી ગુણોથી જે સહિત છે તેને દ્રવ્ય કહેવાય છે.

'गुण-पज्जय-जुत्तु આ શબ્દની વ્યાખ્યા ચાલે છે.

પૈસાવાળો તે આત્મા, બાયડી-છોકરાવાળો તે આત્મા એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. મનુષ્યપર્યાયવાળો તે આત્મદ્રવ્ય કે બોલે-ચાલે તે આત્મદ્રવ્ય એમ નથી. જ્યાં આત્મદ્રવ્ય કર્મવાળુ પણ નથી ત્યાં બીજાની કયાં વાત રહી! ગુણ અને પર્યાયથી યુક્ત છે તે આત્મદ્રવ્ય છે. કર્મ અને શરીરથીયુક્ત તે આત્મા એમ નથી. અત્યારે પણ કર્મ અને શરીરથી જીવ જુદો જ છે પણ અજ્ઞાનીએ ભ્રમણાથી એક માન્યો છે.

ભગવાન તીર્થંકર પરમદેવે વસ્તુનું સ્વરૂપ આમ જોયું છે અને આમ કહ્યું છે તે જ અહીં કહેવાય છે. સદાય એકરૂપ રહેનારા ગુણો અને ક્રમે વર્તનારી પર્યાય આત્મામાં વસેલી છે, આત્મા તેનાથી સહિત છે. જ્ઞાન, દર્શન આદિ ગુણ અને તેની જાણવું-દેખવું, દુઃખ, રાગ આદિ પર્યાયથી આત્મા સહિત છે તેને બદલે કર્મ અને શરીરથી આત્મા સહિત છે એમ માને છે તે મૂઢ અજ્ઞાની છે.

એક એક આત્મા આ રીતે છે, એ રીતે કહેવાય છે અને એ રીતે એણે જાણવું જોઈએ. આત્મા એક દ્રવ્ય છે તેમાં એકરૂપ રહેનારા, નિત્ય રહેનારા—કાયમ-હંમેશાં રહેનારા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણો છે અને તેની અનેક પર્યાયો સમયે સમયે બદલે છે એવી અવસ્થા અને ગુણવાળો જે છે તે આત્મા છે. તેને બદલે મૂઢે પોતાને શરીર અને સંયોગોવાળો માની લીધો છે તેને ગુરુ કહે છે એલા આત્મા! તું કોણ છો? તું કયાં છો? કેવો છો? ત્યારે આ કહે છે—આ શરીર અને કર્મથી સહિત એવો હું આત્મા છું, પૈસાવાળો છું, મોટા આલેશાન બંગલામાં રહું છું... ના...ના ભાઈ! તું ભૂલ્યો. આ શરીર, કર્મ અને સંયોગો તો જડ છે-રજકણ છે. તું તો ચેતન આત્મા છો. આત્મા જડથી સહિત કેમ હોય!

**गुणपज्जयजुत्तु** તેને **परियाणहि** એટલે જાણ! ભાઈ! તારા આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, અસ્તિત્વ આદિની પર્યાયો બદલાયા કરે છે. અસ્તિત્વ એટલે સત્...સત્...સત્ તેની પણ પર્યાય બદલાય છે અને ગુણ ત્રિકાળ એકરૂપ રહે છે આવા ગુણ-પર્યાયથી સહિત તે મારો આત્મા એમ તારું લક્ષ આત્મદ્રવ્ય ઉપર જવું જોઈએ.

અહીં તો રાગસહિત દ્રવ્ય પણ લેવું છે. રાગ-વિકાર એ ચારિત્ર ગુણની પર્યાય

છે, દુઃખ એ આનંદગુણની પર્યાય છે. રાગ, વિકાર, દુઃખ, પર્યાય અને ચારિત્ર, આનંદ આદિ ગુણથી સહિત તે દ્રવ્ય છે એમ દ્રવ્યનું લક્ષ જતાં તેને સમ્યગ્જ્ઞાન થાય છે. વિકાર સહિત દ્રવ્ય આમ લક્ષમાં લીધું ત્યાં વિકાર રહિત પર્યાય પ્રગટ થાય છે.

શ્રોતા :—આ બધું શીખવું પડે ખરું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેમ વસ્તુનું સ્વરૂપ છે તેમ જાણવું તો પડે ને ! જેમ નથી એમ જાણ્યે કાંઈ વસ્તુનો અનુભવ ન થાય. જેમ છે તેમ જાણવું તેનો અર્થ જ એ કે, આત્મા પોતામાં ત્રિકાળ રહેનારા જ્ઞાનાદિ ગુણો અને સમયે સમયે પલટતી પર્યાયોથી સહિત છે તેમ જાણવું, અને તેનામાં જે નથી તેનાથી રહિત જાણવો. ચારિત્રગુણની રાગરૂપ પર્યાય, આનંદગુણની દુઃખરૂપ પર્યાય કે અસ્તિત્વગુણની શુદ્ધરૂપ પર્યાય એવી એવી અનંતા ગુણની વર્તમાન અનંત પર્યાય અને એકરૂપ એવા અનંત ગુણો તેનાથી સહિત તે આત્મા છે. એમ ગુણ-પર્યાય સહિત દ્રવ્યમાં દૃષ્ટિ જાય છે. આ પૈસાવાળો કે બાયડી-છોકરાવાળો તે આત્મા એમ દૃષ્ટિ જતી નથી.

નિત્ય અને એકરૂપ રહેનારા ગુણો અને ક્રમવર્તી પર્યાયથી સહિત હોય તે જ દ્રવ્ય છે. કર્મને પણ દ્રવ્ય કહ્યું છે તે આત્માની સાથે રહેલાં છે માટે દ્રવ્ય છે એમ નથી. કર્મના રજકણ પોતાના જડ અનંત ગુણો અને અસ્તિત્વાદિ પર્યાયથી રહેલાં છે માટે તેને દ્રવ્ય કહ્યાં છે. આત્માની સાથે તેને કાંઈ સંબંધ નથી.

લોકો વિરોધ ઉઠાવે છે કે, તો શું આત્મા કર્મરહિત છે ? કર્મરહિત તો સિદ્ધો છે. સંસારી જીવ તો કર્મ સહિત છે. તેને કહીએ છીએ—ભાઈ સાંભળ ! આત્મા ત્રણે-કાળ કર્મથી રહિત છે એમ અહીં સિદ્ધ કરે છે. એક દ્રવ્ય બીજાં દ્રવ્યથી સહિત છે. એનો અર્થ શું ! કર્મ તો માત્ર નિમિત્તપણે છે તેનું જ્ઞાન કરાવ્યું છે. ભગવાને તારા અને દરેકના આત્માને પોતાના ગુણપર્યાયથી સહિત છે એમ ઓળખાવ્યાં છે. તેમાં કર્મવાળો કે કર્મ વિનાનો એ સંબંધ આત્માને છે જ નહિ.

આ રીતે આત્માને જાણે તેના જ્ઞાનમાં હું મારા ગુણ અને પર્યાયથી સહિત છું એમ જ્ઞાન થતાં પર્યાયમાં નિમિત્તપણે કર્મ છે તેનું જ્ઞાન આવી જાય છે પણ કર્મથી હું સહિત છું એમ તે જાણતો નથી-માનતો નથી.

કોઈ પણ આત્માને કોઈ આત્મા એમ માને કે, ઝાઝાં પૈસાવાળો, છોકરાવાળો, આબરૂવાળો તે આત્મા છે—તો ભગવાન કહે છે તું મૂઢ છો, તું પાપી છો, તારી દૃષ્ટિ જૂઠી છે. ઘણા પૈસા કે ઘણી આબરૂ એ આત્માનું સ્વરૂપ નથી. અમે તો આત્માને ગુણ-પર્યાયવાળો જોયો છે અને એવો જ આત્મા છે.

છોકરાવાળો આત્મા નથી. જેને છોકરાં નથી એને એમ થાય કે છોકરાં નથી એ ઠીક નહિ. ભાઈ! દરેકનો આત્મા છોકરાં વિનાનો જ છે. છોકરાં છે એ પોતાના ગુણ-પર્યાયથી યુક્ત છે એ તમારા નથી. પણ આ મૂઢ પોતાને સંયોગવાળો આંકે છે અને પોતાના આંકે બીજાને માપે છે. મારે રોગ અને પહેલો નીરોગ, મારે પૈસા થોડા અને પહેલાંને પૈસા વધારે વગેરે વગેરે...પણ ભાઈ! તારા કે બીજાના કોઈના આત્મામાં રોગ પૈસા આદિનો અભાવ છે.

શ્રોતા :—પ્રભુ! પણ આ બધું દેખાય છે ને?

પૂજ્ય ગુરુદેવ :—શું દેખાય છે? દેખાય છે એ તો પુદ્ગલનો સંયોગ છે. તે પોતાના ગુણ-પર્યાયમાં રહેલા છે એમ દેખાય છે. આત્મા સાથે એકપણે છે એમ દેખાતું નથી અને એમ ત્રણકાળમાં કદી બનતું પણ નથી.

આ તો દરેક જૈનને ખબર હોવી જોઈએ કે, દ્રવ્યનું શું સ્વરૂપ છે. બહુ સાધારણ વ્યાખ્યા છે કે, ગુણ-પર્યાયથી સહિત હોય તે દ્રવ્ય છે. દ્રવ્ય કદી પરથી સહિત ન હોય.

રોગ સહિત આત્મા નથી. આત્મા પોતાના ગુણ-પર્યાયથી સહિત છે માટે પોતાને રોગવાળો ન માનવો અને રોગની અવસ્થા જે પરમાણુની છે તેની આ અવસ્થા ખરાબ છે એમ પણ નથી. એવી જ પર્યાયવાળું દ્રવ્ય છે તેને ખરાબ કેમ કહેવાય! મફતનો પારકી ચીજને પોતાની માનીને ભટકે છે.

આત્મા ગુણ-પર્યાય સહિત છે. તે પર્યાયનું પલટવું પરના કારણે નથી. પોતાથી જ પલટવાનો સ્વભાવ છે. પરમાણુ પણ પોતાના ગુણ-પર્યાયથી સહિત છે અને એ પર્યાય તેના પોતાથી પલટે છે. પલટવું એ પર્યાયનો ધર્મ છે. એકરૂપ ન રહેવું એવા સ્વભાવવાળી પર્યાય અને એકરૂપ રહેવું એવા ગુણ સહિત હોય તે જ વસ્તુ છે.

હવે આમાં, પરમાં સુખ છે એવી માન્યતા કેટલી જૂઠી છે એ ખ્યાલ આવે છે? પરપદાર્થ તારા ગુણમાં પણ નથી. પર્યાયમાં પણ નથી તો તેમાંથી તને સુખ કેવી રીતે આવે! માત્ર ભ્રમણા છે. શ્રીમદ્‌માં લખ્યું છે: 'સુખ અંતરમાં છે' આત્મા પોતાના ગુણ-પર્યાયમાં છે, પરમાં નથી અને પરથી નથી તો પરથી મને સુખ માને છે એ અજ્ઞાનીની ભ્રમણા જ છે. પોતાને પોતાના આનંદ ગુણ અને આનંદની પલટતી પર્યાયથી સહિત નહિ માનતાં પરથી મને સુખ એવી મિથ્યાશ્રદ્ધા ઊભી કરી છે. તેને બદલે હું આત્મા, ત્રિકાળી આનંદ ગુણ અને આનંદની વર્તમાન અવસ્થા ભલે દુઃખરૂપ હો તેનાથી સહિત છું એમ લક્ષ જતાં દ્રવ્યનો આનંદ પ્રગટ થયા વિના રહે નહિ.

હું આનંદના નિત્ય ગુણવાળો અને આનંદની પલટતી પર્યાયવાળો છું—હું મારા આનંદના એકરૂપ ગુણ અને પલટતી પર્યાયથી સહિત દ્રવ્ય છું. એમ દ્રવ્યનું સ્વરૂપ નક્કી કરવા જતાં તેની પર્યાયમાં આનંદ આવ્યા વિના રહે નહિ અને દુઃખની અવસ્થાનો વ્યય થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

પર્યાયમાં ભલે રાગ હો, એ ચારિત્રગુણની એકરૂપ ન રહેનારી પર્યાય છે અને ચારિત્રગુણ કાયમ રહેનારો છે આવા ગુણ અને પર્યાયથી જે સહિત છે તે દ્રવ્ય છે એમ દ્રવ્યનું લક્ષ જતાં...દ્રવ્યનું જ્ઞાન થતાં પર્યાયમાં સમ્યક્ શ્રદ્ધા અને આનંદ આવ્યા વિના રહે નહિ. પરમાત્મપ્રકાશ આમ પ્રકાશે છે....પરમાત્મપ્રકાશ...ભગવાન આત્મા પોતે પરમાત્મા તે અનંત શક્તિ અને અનંત પર્યાયથી સહિત છે એમ નક્કી કરતાં હું પોતે પરમાત્મા છું એવી દૃષ્ટિ થઈ જાય છે.

પદે પદે આત્મા પરમાત્મા છે. પરમ સ્વરૂપનો ધરનાર આ આત્મા જ પરમાત્મા છે. એમ નક્કી કરવા જતાં તેની પર્યાયમાં અનાદિથી જે નથી જાણ્યું એવી જાણવાની, શ્રદ્ધાની, આનંદની પર્યાય પ્રગટ થઈ જાય છે તેનું નામ ધર્મ છે. આમાં કાંઈ બહુ પલાખાં ગણવાના નથી પણ પ્રયત્ન જ કરતો નથી. એક પગથિયું પણ ચડતો નથી.

શ્રોતા :—સાહેબ, એકાગ્રતા રહેતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એકાગ્રતા રહેતી નથી એમ નથી. એકાગ્રતા કરવાનો પ્રયત્ન જ કર્યો નથી. પરમાં કેવો એકાગ્ર થઈ જાય છે! તો એકાગ્ર થતાં તો આવડે છે. પરમાં તો ખરેખર કોઈ એકાગ્ર થઈ શકતું નથી પણ આ...આ...આ ઠીક છે એમ માનીને પોતાની પર્યાયમાં એકાગ્ર થઈ જાય છે. તો જેમ પરના લક્ષે વિકારમાં એકાગ્ર થઈ જાય છે એમ સ્વનું લક્ષ કરે તો સ્વભાવમાં એકાગ્ર થઈ શકે છે.

જ્યાં સમજણ થઈ કે 'આ દ્રવ્ય તે હું' ત્યાં જ લક્ષ ફરી જાય છે, રુચિ ફરી જાય છે, જ્ઞાન સમ્યક્ થઈ જાય છે, શ્રદ્ધા ફરી જાય છે અને શાંતિ ને આનંદ આવી જાય છે.

એક એક ગાથામાં જુદી જ જાતની વાત સમજાવે છે. દરેક ગાથામાં કંઈક કંઈક ફેર તો હોય જ. ગુણ-પર્યાય સહિત દ્રવ્યનો શબ્દાર્થ કહ્યો, હવે તેનો વિસ્તાર કહે છે.

જીવ દ્રવ્યમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંતગુણ છે અને પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ અનંત ગુણ છે. જ્ઞાન ગુણ એટલે જાણવાની પર્યાય ન લેવી, જ્ઞાન ગુણ લેવો. રંગગુણ એટલે રંગની પર્યાય ન લેવી પણ રંગની શક્તિ સમજવી. જીવ

સિદ્ધમાં હો કે નિગોદમાં હો દરેક જીવમાં અનંત ગુણ છે. સિદ્ધ અને સંસારી જીવની પર્યાયમાં ફેર છે પણ દ્રવ્ય, ગુણમાં ફેર નથી. જીવ કહેતાં અનંત જીવ—દરેક જીવ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંતગુણથી સહિત છે. એક પણ રજકણથી જીવ સહિત નથી પણ પોતાના અનંતગુણથી સહિત છે, શરીર, કપડા, સ્ત્રી-પુત્ર, મકાન આદિથી આત્મા સહિત નથી. આત્મામાં એ નથી અને તેમાં મારો આત્મા નથી. માટે કોઈ મારા—જીવના નથી. મારા ગુણો મારા સહભાવી—સદાય સાથે રહેનારા છે.

પુદ્ગલમાં સ્પર્શ, રસાદિ ગુણો તેમાં સહભાવી છે અન્વયી છે એટલે કે દ્રવ્યની સાથે રહેનારા છે, સદા નિત્ય છે. ગુણો કદી દ્રવ્યની તન્મયતા છોડતાં નથી. આવા ચાર તેના વિશેષણ કહ્યાં છે. સહભાવી નામ સાથે રહે છે, અન્વયી નામ અનુ જે આત્મા (વસ્તુ) તેના સહચારી છે, સદા નિત્ય છે અને વસ્તુથી એકપણું ગુણનું કદી છૂટતું નથી—તન્મયપણું—તદ્રૂપપણું—એકરૂપપણું કદી છૂટતું નથી. એ જ રીતે પરમાણુના ગુણો પણ સહભાવી છે. અન્વયી છે, સદા નિત્ય છે અને રજકણ સાથે તદ્રૂપ છે કદી છૂટાં પડતાં નથી.

આ સમજે તેને લૌકિક ભણતર અને લૌકિક કાર્યો કૂચે મરવા જેવા લાગે છે. એમાં તો બધાં ગપ્પા છે—સત્ય નથી. દરેક દ્રવ્ય તેના ગુણ-પર્યાયથી સહિત છે તેને પરથી સહિત માનવો, પરથી લાભ-નુકશાન માનવું તે જૂઠું છે.

તું નિગોદમાં હો, દેવમાં હો, મનુષ્યમાં હો કે સિદ્ધમાં હો દરેક જગ્યાએ તું તો તારા ગુણ-પર્યાયમાં છો. પરના કારણે તું નથી. કર્મના કારણે જીવ સંસારમાં છે એમ નથી. તે પોતાના ગુણ-પર્યાયથી સહિત છે માટે ત્યાં છે.

આહાહા...! આચાર્યોની પદ્ધતિ! ગાગરમાં સાગર ભરી દીધો છે. વસ્તુસ્થિતિ આમ છે અને તેનાથી વિપરીત નથી. જે નથી તેની અસ્તિ થાય નહિ અને જે છે તેની નાસ્તિ થાય નહીં.

ગુણની વાત થઈ. હવે પર્યાયનું વિશેષસ્વરૂપ કહે છે. પર્યાયના બે ભેદ છે એક સ્વભાવપર્યાય અને બીજો વિભાવપર્યાય. જીવને સિદ્ધત્વ આદિ સ્વભાવપર્યાય છે અને કેવલજ્ઞાનાદિ સ્વભાવગુણ છે. કેવળજ્ઞાન તો પર્યાય છે પણ કેવળજ્ઞાન, કેવળદર્શન અનંત આનંદ, અનંત વીર્ય, સ્વચ્છતા, વિભુતા આદિ પર્યાયોના એક ભાગને સ્વભાવ-ગુણ કહેવામાં આવે છે. આ સ્વભાવગુણો જીવમાં જ હોય છે. અન્ય દ્રવ્યમાં હોતા નથી. તથા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ આદિ સ્વભાવગુણો દરેક દ્રવ્યમાં હોય છે. માટે છએ દ્રવ્યોમાં આ ગુણો હોય છે અને ષટ્ગુણી હાનિ-વૃદ્ધિરૂપ અગુરુલઘુ

ગુણનું પરિણમન એ સ્વભાવપર્યાય છે તે પણ દરેક દ્રવ્યમાં હોય છે. તેને અર્થ-પર્યાય કહેવાય છે તે શુદ્ધ પર્યાય છે. આ શુદ્ધ પર્યાય સંસારી જીવોને, સિદ્ધોને અને અજીવ પદાર્થને બધાંને સદાય હોય છે. એ જરા સૂક્ષ્મ વાત છે.

કેવળજ્ઞાનાનાદિ ગુણ સિદ્ધોને જ હોય છે. દરેકને હોતાં નથી.

શ્રોતા :—આમાં કેટલુંક યાદ રાખવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ કાંઈ પલાખાં યાદ રાખવા જેવું અઘરું નથી. વસ્તુનું સ્વરૂપ છે. આ વસ્તુ, આ તેના ગુણો, તેની પર્યાય, એક સ્વાભાવિક અવસ્થા છે. એક દ્રવ્યપર્યાય છે, એક ગુણપર્યાય છે અને પટ્ગુણી હાનિ-વૃદ્ધિ તો દરેક પદાર્થમાં છે. આટલું જ છે. સંસારમાં તો કેટલું યાદ રહે છે ! દુકાનમાં પાંચ હજાર ચીજ હોય તે દરેકની ત્રણપટી વાત યાદ હોય આ ભાવે વસ્તુ આવી છે, આ ભાવે વેચવાની છે, આટલી વેચાની ને આટલી પડી છે એ બધું ખબર હોય. અમારે પાલેજમાં દુકાન હતી એટલે બધી ખબર છે. ૧૩ તો વખાર હતી. તેમાં કઈ વખારમાં, કયો માલ, કેટલો છે, એ બધી ભાઈને ખબર હોય. જેની મમતા હોય તેનું બધું યાદ હોય પણ મારામાં શું છે તેની કાંઈ ખબર નથી.

સિદ્ધોને સ્વભાવગુણ અને સ્વભાવપર્યાય છે પણ સંસારીને તો એ નથી તો શું છે ?—કે સંસારી જીવોને મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને નર-નારકી આદિ વિભાવપર્યાય હોય છે. નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીના દરેક જીવ સંસારી કહેવાય છે. બારમા ગુણસ્થાન સુધી મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન હોય છે અને નર-નારકાદિ વિભાવ-પર્યાય તો ચૌદ સુધી છે કેમ કે ચૌદમા ગુણસ્થાન વખતે પણ મનુષ્ય શરીર હોય છે.

અજ્ઞાનીને આ તો કાંઈ ખબર નથી. એને તો આ શરીરરૂપ બંગલો મળ્યો છે એ જ હું અને તેને સાફ-સૂફ રાખું, ખવરાવું, પીવરાવું, નવરાવું એ જ મારું કામ. પણ એ કામ કરવા છતાં શરીર તો સારું રહેવું હોય તો જ રહે. નહીં તો ક્ષણમાં અવસ્થા પલટી જાય. તેની ગમે તેટલી ચિંતા રાખે તોપણ શું ! શરીરની પર્યાય આત્માને આધીન નથી. આત્માની કલ્પના પ્રમાણે શરીર ચાલતું નથી. તેની પર્યાય અનુસાર એ પરિણમે છે આત્માની પર્યાય પ્રમાણે શરીરના પરમાણુ રહેતાં નથી પણ ઊંધી માન્યતા આડે એ નનૂર થઈ ગયો છે; નનૂર-નૂર વગરનો. હું કોણ છું અને હું શું માનું છું એની એને ખબર નથી.

જે સદાય મારા છે એવા ગુણ-પર્યાયમાં મારાપણું નહીં માનતાં જે ત્રણકાળમાં કદી પોતાના નથી તેને પોતાના માને છે. ઇન્દ્રિય દ્વારા જે જણાય છે તેને જુએ છે પણ અતીન્દ્રિય વસ્તુ શું છે, પર્યાય સહિત દ્રવ્ય કેવું છે તેને જોતો નથી. પાંચ-પચીશ કરોડ

રૂપિયા હોય, ચાર બંગલા હોય, સ્ત્રી-પુત્ર-પરિવાર સારાં હોય તો મને ઠીક...પણ એ વસ્તુ ક્યાં તારી છે? તારી દશામાં એ વસ્તુ ક્યાં આવી છે કે તેનાથી તને સુખ થાય?

શ્રોતા :—પણ સુખ તો થાય છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સુખ ક્યાં થાય છે? એણે સુખની કલ્પના ઊભી કરી છે તે પોતામાં આવી છે, વસ્તુ તો કોઈ પોતામાં આવી નથી. અમેરિકા જઈ આવે તો સુખ થાય—એમ નથી. આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્રમાંથી બહાર નીકળતો જ નથી. અમેરિકામાં પણ એ તો પોતાની પર્યાયમાં જ હતો.

શ્રોતા : કેટલાં પૈસા ખર્ચીને જાય અને આપ કહો છો કે ગયો જ નથી?

ભાઈ! આત્મા પોતાના ક્ષેત્રમાંથી અને ગુણ-પર્યાયમાંથી બહાર નીકળતો જ નથી માટે ક્યાંય ગયો જ નથી અને પૈસા એ પણ ક્યાં પોતાના છે!

આત્મા નરકમાં હો, મનુષ્યમાં હો કે દેવમાં હો ત્યાં પણ તે પોતાની વિકારી પર્યાય અને અનંતા ગુણ સહિત રહેલો છે. પરના ક્ષેત્રમાં કે પરની પર્યાયમાં આત્મા કદી રહ્યો નથી અને પોતાની પર્યાયથી કદી ખાલી રહ્યો નથી. વાહ! પ્રત્યક્ષ દેખાય તેવું છે! વિચાર, મંથન કરે તો ખ્યાલ આવે. સંસારમાં જ્યાં છે ત્યાં આ જીવ પોતાના મતિજ્ઞાન અથવા મતિ—અજ્ઞાનાદિ વિભાવગુણ અને નર-નારકાદિ વિભાવપર્યાયથી સહિત છે. અત્યારે આ મનુષ્યપણામાં એટલે મનુષ્યદેહમાં નહિ પણ મનુષ્યયોગ્ય વિકારી પર્યાય અને મતિશ્રુતજ્ઞાનથી સહિત છે.

અત્યારે આત્મા ક્યાં છે?—આત્મા પોતાની વર્તમાન પર્યાય અને ત્રિકાળી ગુણોમાં રહેલો છે. બીજાના ગુણ-પર્યાયથી આત્મા સહિત નથી. બીજો પદાર્થ પોતે તેના ગુણ-પર્યાયથી સહિત છે અને આત્મા પોતાના ગુણ-પર્યાયથી સહિત છે. હવે આમાં બીજાની પર્યાયને મારી માનવી કે તેને હું કરું એવી માન્યતા કેટલી ભૂલભરેલી છે! દરેકની પર્યાયનો ધણી તેનું દ્રવ્ય છે તો બીજાની પર્યાયને હું કરવા જાઉં એમ કેમ બની શકે!

આ રીતે જીવના ગુણ-પર્યાય કહ્યાં. સિદ્ધ પોતાની નિર્મળ પર્યાય અને કેવળજ્ઞાનાદિ ગુણથી સહિત છે અને સંસારી જીવો નર-નારકાદિ વિભાવપર્યાય અને મતિજ્ઞાનાદિ વિભાવગુણ તથા ત્રિકાળી અનંતગુણોથી સહિત છે. આ રીતે જીવનું વર્ણન પૂરું થયું. હવે પુદ્ગલના ગુણ-પર્યાય કહેશે. [ ક્રમશઃ ]

—*—

# સમ્યક્ત્વને બાધક દેશ, નગર, ધન આદિ શ્રાવકને ન હોય

[ શ્રી પદ્મનંદિ શ્રાવકાચાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન નં. ૫ )

શ્રી પદ્મનંદિ પંચવિંશતિ શાસ્ત્રનો આ છઠ્ઠો અધિકાર છે. સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત શ્રાવકને રાગની મંદતાના સંસ્કાર રહે છે તેને અહીં વ્યવહારે શ્રાવકનું અનુષ્ઠાન અથવા આચાર કહેવામાં આવે છે. શ્રાવકને દિન-દિન પ્રત્યે એટલે હંમેશાં આ છ પ્રકારના કર્તવ્ય કરવા જોઈએ તેનો આ અધિકાર ચાલે છે.

પ્રથમ, દેવપૂજાની વાત કરી. પછી બીજું કર્તવ્ય ગુરુની ઉપાસના છે. દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણની ભક્તિમાં શાસ્ત્રનું સ્થાન બીજું છે પણ શ્રાવકના હંમેશના કર્તવ્યમાં શાસ્ત્રસ્વાધ્યાયને ત્રીજું કર્તવ્ય કહ્યું છે. સ્વાધ્યાયમાંથી સમજીને શ્રાવકે દિન-દિન પ્રત્યે યથાયોગ્ય સંયમ કરવો જોઈએ. સંયમ એટલે પાંચ ઇન્દ્રિય તથા મન અને છ કાય જીવની હિંસાવૃત્તિને કાંઈક ઘટાડવી જોઈએ.

સંયમ પછી પાંચમું કર્તવ્ય 'તપ' છે. તપમાં શ્રાવકે જેનાથી પોતાના સમ્યક્ત્વ અને વ્રતાદિને વિઘ્ન થાય એવા દેશ, નગર, લક્ષ્મી અને પુરુષ આદિને છોડવા જોઈએ. ત્યારબાદ છઠ્ઠું 'દાન'નું કર્તવ્ય છે. તે ન્યાય-નીતિથી કમાયેલા ધન આદિના દાનની વાત છે. અન્યાય અને અનીતિથી કમાઈને પછી દાન દેવું એવું શ્રાવકનું કર્તવ્ય નથી.

શ્રાવકે પોતાના સમ્યક્ત્વમાં વિઘ્નરૂપ હોય તેવા દેશને છોડી દેવો, એવા ધનને જતું કરવું અને એવો કોઈ કુસંગ હોય તો તેને પણ છોડી દેવો જોઈએ.

भोगोपभोगसंख्यानं विधेयं विधिवत्सदा ।
व्रतशून्या न कर्तव्या काचित् कालकला बुधैः ॥ २७ ॥

'તપ'ના ઉપદેશમાં આચાર્ય કહે છે કે શ્રાવકને હંમેશાં ભોગ-ઉપભોગમાં પરિમાણ હોય છે. રાગની મંદતામાં તેને અમુક વસ્તુ ખપે અને અમુક ન ખપે એવો વિવેક હોય છે. જે તે વસ્તુ ખાવી એવો અવિવેક શ્રાવકને ન હોય.

વિદ્વાનોએ એક ક્ષણ પણ વ્રત વિના રહેવું ન જોઈએ. નિયમ અનુસાર સદા શ્રાવકે ભોગ અને ઉપભોગરૂપ વસ્તુઓનું પ્રમાણ કરી લેવું જોઈએ. શ્રાવકને પોતાના

આત્માનું ભાન છે, સાથે આ વિકલ્પ ઊઠે છે તે કર્મકૃત છે, મારા નથી એવું ભાન છે એવી ભૂમિકામાં આવા વ્રતાદિના વિકલ્પને કરતો બરાબર નિર્મળપણે રહે છે.

શ્રાવકે એક ક્ષણ પણ વ્રત વિના ન રહેવું એટલે પંચમગુણસ્થાનમાં એટલો પુરુષાર્થ તો તેને હોય જ કે નિયમ અનુસાર વ્રતાદિને બરાબર પાળે.

रत्नत्रयाश्रयः कार्यस्तथा भव्यैरतन्द्रितैः ।
जन्मान्तरे ऽपि तच्छ्रद्धा यथा संवर्धते तराम् ॥ २८ ॥

ભવ્ય જીવોએ પ્રથમ તો સમ્યગ્દર્શનનો એવો આશ્રય કરવો કે તેમાં જગતની કોઈ અનુકૂળતા કે પ્રતિકૂળતાનું લક્ષ ન રહે. પોતાના પ્રયત્નથી-પુરુષાર્થથી આળસ-પ્રમાદ છોડીને સમ્યક્ત્વનો એવો દૃઢ આશ્રય લે કે, આમ માનશું તો જગતના લોકો આપણી નિંદા કરશે, આપણને માનનારા ઓછાં થઈ જશે એવો ભાવ પણ અંદરમાં ન આવે.

ભવ્ય જીવોએ આળસ છોડીને રત્નત્રયનો આશ્રય એ રીતે કરવો જોઈએ કે જે રીતે તેમનું ઉક્ત રત્નત્રય વિષયક શ્રદ્ધાન (દૃઢતા) બીજા જન્મમાં પણ અતિશય વૃદ્ધિ પામતું રહે.

ત્રણકાળ ત્રણલોકમાં કર્મ અને કર્મના કાર્યો રૂપ જે વિકલ્પો—કે હું એક છું, અનેક છું એવા વિકલ્પ પણ મારી ચીજમાં નથી. મારું કાર્ય મારા પુરુષાર્થથી જ થાય, કર્મથી કે રાગથી ન થાય એવી નિર્વિકલ્પ તત્ત્વની દૃઢતા શ્રાવકને એવી હોય છે કે, જન્માંતરમાં પણ તે ખસતી નથી, ઉલટી વધતી જાય છે. મરણ સમયે પણ તેમાં શિથિલતા ન આવે એવું નિરઅતિચાર સમ્યક્ત્વનું પાલન શ્રાવકને હોવું જોઈએ.

સમ્યક્ત્વની દૃઢતાની જેમ સમ્યગ્જ્ઞાનની પણ શ્રાવકને દૃઢતા હોવી જોઈએ. વાંચન, શ્રવણ કે સ્વાધ્યાયમાં એને કંટાળો ન આવવો જોઈએ. આળસ રહિત સ્વાધ્યાય અને જ્ઞાનની નિર્મળતા તેણે હંમેશાં કરવી જોઈએ.

શ્રાવકને વ્રત પણ એટલી મર્યાદામાં હોય કે, તેમાં શિથિલતા ન આવે. મોટાં મોટાં વ્રત લઈ લે અને પછી પાળી ન શકે એવું શ્રાવક ન કરે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પોતાની શક્તિ જોયા વિના એકદમ વ્રત લઈ લે ને પાછળથી શિથિલતા આવી જાય અને પછી તો વ્રતના આદર ને બદલે પરિણામમાં તેનો અનાદર થવા લાગે એવું શ્રાવકને ન હોય.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના આરાધકે રત્નત્રયનો એવો આશ્રય કરવો જોઈએ કે, બીજા જન્મમાં પણ તેની શ્રદ્ધા અર્થાત્ ભાવના વધતી જાય, શિથિલતા ન આવે.

કેટલાંક તો વ્રત, તપ લઈને બેસે પછી સૂઈને દિવસ કાઢે, નિયમ પ્રમાણે પાણી પી ન શકે અને તૃષા તો ખૂબ લાગી હોય એટલે શરીરે પાણી છાંટે અને જેમ તેમ દિવસ પૂરો કરે તેને વ્રત અને નિયમનો આદર તો રહ્યો નથી માટે તે વ્રતાદિ સાચાં નથી. શ્રાવકે પોતાની શક્તિની યોગ્યતા પ્રમાણે જ ભાવનાની વૃદ્ધિ થતી રહે એટલાં વ્રત-નિયમ કરવા જોઈએ.

ષોડશકારણ ભાવનામાં આવે છે કે, સમ્યગ્દૃષ્ટિ યથાશક્તિ વ્રત, તપાદિને આચરે છે. શક્તિ ઉપરાંત—મર્યાદા છોડીને દુનિયામાં માન લેવા માટે વ્રતાદિ કરતા નથી. ઇચ્છાને મંદ કરીને વ્રતાદિની એવી ભાવના કરે કે તે જન્માંતરમાં પણ વધતી જાય. એવો ધર્મીને વિવેક હોય છે.

આ રીતે શ્રાવકે દર્શન, જ્ઞાન અને વ્રતનો આશ્રય લેવો જોઈએ. આ શ્રાવકના એવા સંસ્કારની વાત છે કે જે સંસ્કાર વધતાં જ જાય એવી રીતે તેનો આદર કરવો જોઈએ. ભાવનામાં શિથિલતા ન આવે એ રીતે તેણે વ્રતનો આશ્રય લેવો જોઈએ.

विनयश्च यथायोग्यं कर्तव्यः परमेष्टिषु ।
दृष्टिबोधचरित्रेषु तद्वत्सु समयाश्रितैः ॥ २९ ॥

તપની અંદર આચાર્યે વિનયની વાત મૂકી છે. જે કોઈ જિનેન્દ્રદેવનો અનુયાયી છે—સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને વ્રતનો પાળનાર છે તેને પંચપરમેષ્ઠી આદિનો યથાયોગ્ય—પદને યોગ્ય વિનય હોવો જોઈએ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તથા આ સમ્યગ્દર્શન આદિ ધારણ કરનાર ધર્મીજીવોનો યથાયોગ્ય વિનય શ્રાવકે કરવો જોઈએ.

પંચપરમેષ્ઠીનો યથાયોગ્ય વિનય, સમ્યક્ રત્નત્રય ધરનારનો વિનય અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાયનો વિનય જો શ્રાવકને ન આવે અને અનાદર આવે તો તેનું શ્રાવકપણું જળવાતું નથી.

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકીનાથના અનુયાયીને—સમ્યગ્દૃષ્ટિ જિનેશ્વરનો દાસ છે તેને પ્રભુનો કેટલો વિનય જોઈએ ! પ્રભુની વાણી વરસતી હોય ત્યાં ઠઠ્ઠા-મશ્કરી ચાલતી હોય તો એ વાણીનો અને પરમેષ્ઠીનો વિનય નથી, એ તો અવિનય છે, અશાતના છે, અનાદર છે, અભક્તિ છે. તેને ભવભીરૂપણું રહ્યું નથી. તેને ત્યાં અનંતા ભવનું આવરણ પડે છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથના અનુયાયીએ એટલે તેના સિદ્ધાંતના શ્રદ્ધા, જ્ઞાન અને અંશે અનુષ્ઠાન કરનાર ભવ્યજીવોએ—શ્રાવકોએ ઉત્કૃષ્ટ પદમાં રહેનારા પંચપરમેષ્ઠીનો આદર-

વિનય જરૂર કરવો જોઈએ. મંદિરમાં પરમાત્માની પ્રતિમા હોય તેનો પણ બહુ વિનય કરવો જોઈએ. મંદિરમાં ઠઠ્ઠા-મશ્કરી કરવી, દાંત, નખ, નાક વગેરેમાંથી મેલ કાઢવો એ વીતરાગની અશાતના છે. ત્રિલોકનાથની હાજરી હોય કે તેમની પ્રતિમાની હાજરી હોય ત્યાં બહુ વિનય, બહુમાન જોઈએ. પ્રભુના દાસાનુદાસ થઈને રહેવું જોઈએ. એક સામાન્ય રાજાની સભામાં પણ સભાની મર્યાદા જળવાઈ રહે તેમ બેસે તો જ એને બેસવા દે છે તો આ તો સાક્ષાત્ પરમાત્માનું સમોસરણ હોય કે જિનમંદિર હોય તેમાં તો કેટલો વિનય હોવો જોઈએ!

ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધારી ગણધરદેવ પણ પ્રભુની સામે બે હાથ જોડીને કેવો વિનય કરે છે પ્રભુ! આપની વાણી જગતના જીવોને તારણહાર છે. આ વાણી ગણધરદેવ પણ બહુ વિનયથી સાંભળે છે. ચારઘાતિકર્મોનો જેણે ક્ષય કર્યો છે, અનંત ચતુષ્ટયના ધારી છે એવા અર્હંતદેવનો વિનય હોય છે. તેમ સર્વ કર્મોનો નાશ કરીને જેઓ સિદ્ધાલયમાં બિરાજી ગયા છે એવા સિદ્ધ પરમેષ્ઠીનો પણ શ્રાવકને વિનય હોવો જોઈએ. અહો! પ્રભુ આપ તો અનંત જ્ઞાનાદિ ગુણના ધારી છો, લોકના શિખર ઉપર બિરાજો છો, પૂર્ણદશાને પ્રાપ્ત થયા છો એમ સિદ્ધના સ્વરૂપના ભાનપૂર્વક શ્રાવકને તેમનો વિનય-બહુમાન હોય છે.

પંચાચારના પાળનારા આચાર્ય પણ પરમેષ્ઠી છે. ભગવાનના શાસનના નાયક છે. દર્શન આચાર, જ્ઞાનાચાર, તપાચાર, ચારિત્રચાર અને વીર્યાચાર આ પાંચ આચારોને સ્વયં પાળે છે અને બીજાને પળાવે છે. એવા આચાર્ય પરમેષ્ઠીનો શ્રાવકને વિનય હોય. કુંદકુંદ આચાર્ય પણ આવા આચાર્ય હતાં, તેમને અહીં ભરતક્ષેત્રમાં ભગવાનનો વિરહ લાગ્યો. પ્રભુનો વિરહ ખટકયો અને વિકલ્પમાં પ્રભુનું બહુમાન આવ્યું અને અહીં બેઠાં ભાવથી વંદન કર્યાં ત્યાં વિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાનના સમોસરણમાં ભગવાનની વાણીમાં આવ્યું 'સદ્ધર્મની વૃદ્ધિ હજો'.

જુઓ, આચાર્ય જેવા ઊંચી પદવીધારકને પણ ભગવાનનો આવો વિનય અને બહુમાન આવે છે તો શ્રાવકની પદવી તો તેનાથી નીચી છે તેને ભગવાનનો અને આચાર્ય આદિનો બહુ વિનય જોઈએ. તેમ જ અગિયાર અંગના ભણનાર અને ભણાવનાર ઉપાધ્યાય પરમેષ્ઠી તથા રત્નત્રયના ધારક મોક્ષ અભિલાષી સાધુનો પણ શ્રાવકે અવશ્ય વિનય કરવો જોઈએ. એ જ રીતે સમ્યગ્દર્શનનો, સમ્યગ્જ્ઞાનનો ને સમ્યક્‌ચારિત્રનો તથા સમ્યગ્દર્શનાદિ ધારક જીવોનો પણ શ્રાવકે હંમેશા વિનય કરવો જોઈએ.

આ શ્રાવકનું 'તપ' નામનું હંમેશનું આવશ્યક છે તેમાં પંચપરમેષ્ઠી આદિને વિનય તપમાં આવે છે. શ્રાવકને સમ્યગ્દષ્ટિ આદિ જ્ઞાની પ્રત્યે બહુ જ વાત્સલ્ય અ ઘણો જ પ્રેમ હોય.

दर्शनज्ञानचारित्रतपः प्रभृति सिध्यति ।
विनयेनेति तं तेन मोक्षद्वारं प्रचक्षते ॥ ३० ॥

વિનય દ્વારા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને તપ આદિની સિ થાય છે તેથી જ તેને મોક્ષનું દ્વાર કહેવાય છે. અહા! પંચપરમેષ્ઠીનો, સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રના ધારકનો અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો વિનય તે મોક્ષનુ દ્વાર છે.

આત્માના વિનયથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે તેને સાથે આવો પંચપરમેષ્ઠ આદિનો વિનય હોય જ છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિનયથી થાય છે, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ વિનયથી થાય છે, સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ વિનયથી થાય છે અને તપની પ્રાપ્તિ પણ વિનયથી થાય છે. અનેક પ્રકારની લબ્ધિની પ્રાપ્તિ પણ વિનયથી થાય છે. તીર્થંક પ્રકૃતિ બંધાય છે તેમાં પણ વિનય કારણ છે. પોતે વિનય કરે છે તેનો વિનય ત્રણલોકના જીવો કરશે. વિનય એ શુભરાગ છે પણ શ્રાવકને એવો રાગ આવ્યા વિના રહેતો નથી. માટે આવા વિનય આદિને ગણધરાદિ મહાપુરુષો મોક્ષનું દ્વાર કહે છે.

નિશ્ચયની વાત સાંભળીને લૂખાં થઈ ગયેલાં કેટલાક લોકો એમ માને છે કે, જ્ઞાન તો અમારાથી થાય છે, પરથી તો જ્ઞાન થતું નથી તો આ બહુમાન-વિનય આદિના વિકલ્પ શા માટે કરવા? પરદ્રવ્યનો વિનય એ તો વિકલ્પ છે. પણ ભાઈ! નિશ્ચયથી સાથે એની યોગ્યતા અનુસાર વિનય આદિ શુભ વિકલ્પ હોવા જોઈએ. તેના ઠેકાણા નહિ અને નિશ્ચય...નિશ્ચયની વાતો કરતો હો તો એમ નિશ્ચય હોઈ જ ન શકે. જેને નિશ્ચયની દૃષ્ટિ અને જ્ઞાન છે એવા શ્રાવકને નિશ્ચયની સાથે રત્નત્રય અને રત્નત્રયધારક ઉપર વિનય અને વાત્સલ્ય ઊછળતું હોય છે. આ તો શ્રાવકના દિન-દિન પ્રત્યેના કર્તવ્યની વાત છે. નિરંતર તેને પંચપરમેષ્ઠી આદિનો વિનય અને બહુમાન...બહુમાન વર્ત્યા જ કરે છે.

એક સાધુ છઠ્ઠા ગુણસ્થાને હોય, શરીર સાધારણ હોય, પુણ્ય ઓછા હોય તેને પણ ઇન્દ્ર, ચક્રવર્તી આદિ આવીને નમસ્કાર કરે છે. અહો! ધન્ય ધન્ય! આપના સાધકભાવને અમે અનુમોદન કરીને વંદન કરીએ છીએ. આ છખંડના રાજ, છન્નુ હજાર રાણી અને સુંદર સોના જેવા શરીરને અમે તુચ્છ ગણીએ છીએ. ચૈતન્યના વૈભવ

પાસે આ જડ વૈભવની કાંઈ કિંમત નથી. ચૈતન્યના વૈભવ જેને પ્રગટ્યાં છે એવા સાધુ, ચક્રવર્તી કરતાં અનંતગુણા ઊંચા છે. અરે, સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ અનંતગુણા ઊંચા છે. શ્રાવક પણ તેનાથી અનંતગુણો ઊંચો છે. કેમ કે, સર્વાર્થસિદ્ધિનો દેવ ચોથા ગુણસ્થાનમાં છે તેનાથી શ્રાવકની શુદ્ધિ ઘણી વધી ગઈ છે. આ સમ્યગ્દર્શન, જ્ઞાન પૂર્વકના શ્રાવકની વાત છે હો.

લોકોને બાહ્યત્યાગની મહિમા આડે મૂળતત્ત્વની મૂળ ગાંઠ શું છે તેની કાંઈ ખબર જ નથી. મોહથી પતંગિયા જેમ દીવામાં પડે છે તેમ ત્યાગની મહિમામાં પડી ગયેલાંને તત્ત્વની કાંઈ ખબર નથી. શ્રાવકને આત્માની પ્રતીત વર્તે છે, જ્ઞાનમાં સ્વ અને પરની દશાનું જ્ઞાન છે અને વર્તનમાં આવો વિનય વર્તે છે. માટે તે ઊંચો છે. તેથી જ, વિનયને મોક્ષનું દ્વાર કહ્યું છે.

મોક્ષના અભિલાષીએ આવો વિનય જરૂર કરવો જોઈએ. વિનય વિના એક પણ કાર્ય સફળ થતું નથી. આ વિનયને આચાર્યે તપ આવશ્યકમાં ગણ્યો છે. શ્રાવકને તે દિન-દિન પ્રત્યે વર્તતો હોય તો જ શ્રાવકપણું ટકે છે. એ વગર શ્રાવકપણું ટકતું નથી. શ્રાવક એવો નમ્ર અને કોમળ હોય કે તેને મુનિ આદિ પ્રત્યે વિનય આવ્યા જ કરે છે.

હવે છઠ્ઠું દાનનું કર્તવ્ય વર્ણવે છે. શ્રાવકને કે કોઈ પણ માણસને લક્ષ્મી તો પૂર્વના પુણ્યથી જ આવે છે. પણ વર્તનમાં તેના માટે માંસ વેચવું કે લંપટપણાનું કે એવું કોઈ અન્યાય-અનીતિનું કામ કરવું પડતું હોય તો સમકિતી કરોડો રૂપિયાને લાત મારે, પણ સામું ન જુએ. સમકિતી શ્રાવક ન્યાય, નીતિથી ધંધો કરે અને જે આવક થાય તેમાંથી દિન-દિન પ્રત્યે—હંમેશા દાન કરે છે.

૭મી ગાથાથી આ હંમેશના કર્તવ્યની વાત ચાલી આવે છે. શ્રાવકને એટલી હોંશ હોય કે, હંમેશા તે સ્વાધ્યાય કરે છે, દેવની પૂજા કરે છે, ગુરુની સેવા કરે છે, ઇન્દ્રિયદમન કરે છે અને તપમાં વિનય આદિ ભાવ રહ્યા કરે છે. વળી મુનિઓ માટે, સાધર્મીઓ માટે અને કરુણાથી દુઃખી-દરિદ્રિ માટે દાન આપવાની વૃત્તિ તેને હંમેશા હોય છે.

सत्पात्रेषु यथाशक्ति दानं देयं गृहस्थितैः ।
दानहीना भवेत्तेषां निष्कलैव गृहस्थता ॥ ३१ ॥

ગૃહસ્થ શ્રાવક પોતાની શક્તિ અનુસાર મુનિ, શ્રાવક, અર્જિકા, શ્રાવિકા આદિ ઉત્તમ પાત્રોને હંમેશા આહાર આદિ દાન આપે છે. રાગની મંદતા કરીને હંમેશા

શ્રાવક આહાર, અભય, જ્ઞાન-દાન આદિ આપે છે. તેને એમ ન હોય કે, આટલા પ્રમાણમાં લક્ષ્મી મળશે તો દાન કરીશ. તેનો તો ૧૦૦ રૂપિયા મળે તેમાંથી ૫૦ કે ૧૦ રૂપિયા સુધીનું દાન કરે છે. શાસ્ત્રમાં તો એવું આવે છે કે ઓછામાં ઓછું આવકના દશમા ભાગે તો દાન કરવું જ જોઈએ. મૂડીમાંથી દશમો ભાગ તો નથી કહ્યો પણ આવકનો દશમો ભાગ કાઢવો પણ અજ્ઞાનીને આકરો પડે છે.

ધન દેવાનો હક્ક માત્ર પુરુષોને જ નથી હો. સ્ત્રીઓ, બેન-દીકરી, વહુઓને પણ દાન દેવાનો અધિકાર છે. ધર્મ કરે, કરાવે અને અનુમોદે એ ત્રણેય ધર્મના અંગ છે. એ જેની પાસે છે તે ધર્મી છે. એવા ભાવ વગરનો હોય તે ધર્મી નથી.

सत्पात्रेषु यथाशक्ति.... પોતાની શક્તિ અનુસાર સત્પાત્રોને હંમેશાં દાન દેવું જોઈએ. જે મનુષ્ય વિવાહ આદિ લૌકિક કાર્યોમાં ધનનો લોભ કરે છે તે તો આ લોકમાં હીન દેખાશે પણ જે મનુષ્ય પંચપરમેષ્ઠીના કાર્યમાં કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વૃદ્ધિના કાર્યમાં લોભ કરે છે તે તો આલોક અને પરલોક બંનેને બગાડે છે.

શાસ્ત્ર તો બધું કહે છે. વન-જંગલમાં વસતાં મુનિરાજ પદ્મનંદિએ ૨૬ અધિકારમાં ઘણું કહી દીધું છે. આ શાસ્ત્ર તો મહાશાસ્ત્ર છે. મહામુનિઓ વ્યવહારના સમયે વ્યવહાર બરાબર બતાવે છે અને નિશ્ચયના સમયે નિશ્ચય પણ બરાબર બતાવે છે. જેની જે ભૂમિકા હોય તે અનુસાર વ્યવહાર બરાબર હોય છે. આ જ શાસ્ત્રમાં નિશ્ચય અધિકારમાં બધી નિશ્ચયની વાત સમયસાર જેવી જ કહી છે. કુંદકુંદ આચાર્યના સમયસારના બીજડાં ઘણાં શાસ્ત્રોમાં રહેલાં છે.

નિશ્ચય અધિકારમાં કહ્યું છે કે, 'વ્યવહાર તે અભૂતાર્થ છે'. એક શુદ્ધ નિશ્ચય-નયના આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મોક્ષ થાય છે. તે સિવાય ત્રણકાળમાં બીજો માર્ગ નથી. એક તરફ આમ બતાવે અને બીજી તરફ તેની ભૂમિકામાં કેવો વ્યવહાર અને રાગની મંદતા હોય તે પણ આચાર્યદેવ જોર-શોરથી બતાવે છે. જુઓને કહે છે કે, વિનય વિના તારું બધું નિષ્ફળ છે.

વસ્તુનું સ્વરૂપ તો નિશ્ચય કહે છે તેવું જ છે. વસ્તુ આઠ કર્મ અને વિકારથી ત્રિકાળ મુક્ત જ્ઞાનસ્વરૂપ છે પણ તેને ભૂમિકા અનુસાર રાગ પણ હોય છે. ચોથા ગુણસ્થાનમાં પણ સમકિતીને દેવપૂજા, દાન આદિનો શુભરાગ હોય છે, વ્રત નથી હોતાં. શ્રાવકને વ્રત અને પડિમા આદિ શુભરાગ હોય છે. નિશ્ચયદૃષ્ટિ એમ કહે છે કે, એ રાગ બંધનું કારણ છે, તેને અડીશ નહિ, તેમાં રમીશ નહીં છતાં એવો રાગ આવ્યા વિના રહેતો પણ નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

જે કોઈ શ્રાવક દાન દેતો નથી તેનું શ્રાવકપણું નિષ્ફળ જ થાય છે. તે વાત હવેના શ્લોકમાં વિશેષ કહે છે :

दानं ये न प्रयच्छन्ति निर्ग्रंथेषु चतुर्विधम् ।
पाशा एव गृहास्तेषां बन्धनायैव निर्मिताः ॥ ३२ ॥

અહો ! જે મુનિઓને વિકલ્પ અડતો નથી એવા મુનિને પણ વિકલ્પના કાળમાં કરુણાથી જગતના ધર્મલોભી જીવો માટે શાસ્ત્ર લખવાનો વિકલ્પ આવી જાય છે અને એવી પરમાણુની રચના થઈ જાય છે. ક્ષણમાં વિકલ્પ આવે છે વળી બીજી ક્ષણે એ વિકલ્પને ભૂલી જાય છે—સ્વરૂપમાં ચાલ્યા જાય છે પણ જ્યાં બહાર આવે ત્યાં વળી ગાથાની સંધિ કરે છે. આવી ભૂમિકામાં ઝૂલતાં સંતોએ આ શાસ્ત્ર રચ્યાં છે—અધિકારો વર્ણવ્યા છે અને તે પણ કેવળીના અનુસારે બધું વર્ણવ્યું છે.

**निर्ग्रंथेषु**—અહો ! નિર્ગ્રંથ મુનિરાજને રાગનો વિકલ્પ ઊઠે છે તે પણ સ્વભાવનાં આનંદમાં વિઘ્ન કરનાર લાગે છે. આ હેય છે અને આ ઉપાદેય છે એવો વિકલ્પ પણ જેને નિષેધ્ય છે એવા મિથ્યાત્વની ગ્રંથિ રહિત નિર્ગ્રંથ મુનિરાજની દૃષ્ટિમાં આ રાગ હેય છે અને સ્વભાવ ઉપાદેય છે એવો ભેદનો ભાવ પણ આશ્રય કરવા લાયક નથી. આવી દૃષ્ટિપૂર્વક જેને મિથ્યાત્વની ગ્રંથિ તૂટી છે અને રાગનો અભાવ થઈને નિર્ગ્રંથ ચારિત્રદશા પ્રગટી છે એવા **निर्ग्रंथेषु**—નિર્ગ્રંથને શ્રાવક ચાર પ્રકારના દાન આપે છે એમ પાઠ છે; તેના પેટમાં સમકિતી સાધર્મી આદિ જીવોની વાત આવી જાય છે.

શ્રાવક મુનિરાજને તેમના માટે નહિ બનાવેલો પણ નિર્દોષ આહાર બહુ ઉલ્લાસથી આપે છે. પધારો...પધારો...અમારે આંગણે આજે કલ્પવૃક્ષ ફળ્યા છે. અરે પણ કલ્પવૃક્ષ એવો તારો આત્મા તો તારી પાસે છે ને ! હા. એ ખબર છે. પણ વ્યવહારમાં તો સજ્જન માણસ ઘરે આવેલા ભૂખ્યા વેરીને પણ ભોજન કરાવે—એવો વ્યવહાર હોય છે તો ઉત્તમ પાત્ર એવા મુનિરાજને ભક્તિથી નિર્દોષ આહાર, ઔષધ આદિ દાનનો ભાવ શ્રાવકને કેમ ન આવે !

મુનિરાજને કોઈ મારતું હોય તો તેને રોકવાનો ભાવ પણ શ્રાવકને આવે છે. તે અભયદાન છે. આત્માનુશાસનમાં આવે છે કે, મુનિને સિંહ મારવા જતો હોય અને શ્રાવક દેખી જાય તો એ બેઠો ન રહે. મુનિને બચાવવા તલવાર પણ કાઢે. તેનો હેતુ તો મુનિને બચાવવાનો હોય, સિંહને મારવાનો હેતુ ન હોય પણ જો તેનાથી સિંહ મરી જાય તો તે નરકમાં જતો નથી. કેમ કે તેને મારવાનો હેતુ ન હતો. સિંહ મરીને નરકમાં જાય અને શ્રાવક મરીને દેવ થાય. સિંહને મારવા જતો હોય એવા પ્રસંગમાં

તેને એમ થાય કે, ક્રમબદ્ધમાં જેમ થવાનું હશે તેમ થશે, આપણે બેસી રહો—એમ ન હોય ભાઈ! એ વખતે મુનિને બચાવવાનો ભાવ પણ ક્રમબદ્ધમાં જ હોય. જેમ થવાનું હોય તેમ જ થાય પણ એ વખતે એવો ભાવ શ્રાવકને આવ્યા વગર રહેતો નથી. એવો ભાવ ન આવે તે ક્રમબદ્ધને જ સમજ્યો નથી. તેને વસ્તુના સ્વરૂપની ખબર જ નથી.

પોતાના શરીરમાં કે પુત્રાદિને પ્રતિકૂળતા આવે તો તેનાથી બચવાનો ભાવ આવે છે તો મુનિરાજને બચાવવાનો શુભરાગ કેમ ન આવે! ભૂમિકા અનુસાર તેના ક્રમમાં જ એવો ભાવ આવે છે. મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા કે ધર્મના સ્થાનનો અવિનય થતો હોય તેના નિર્વાહ માટે દાન આદિનો ભાવ શ્રાવકને આવે છે. ગૃહસ્થ શ્રાવકનો એ વિનય છે.

આમ, શ્રાવક મુનિને અભયદાન આપે છે. મુનિના શરીરને વિઘ્ન થાય તેને શ્રાવક જોઈ શકતો નથી. વિઘ્ન તો જે થવાનું હોય તે થાય જ. તેનો અહીં પ્રશ્ન નથી પણ શ્રાવકને એ વખતે મુનિને બચાવવાનો ભાવ આવ્યા વગર રહેતો નથી એ બતાવવું છે.

શ્રાવક મુનિરાજને શાસ્ત્રદાન આપે છે, શાસ્ત્ર વાંચવા આપે, શ્રાવકને પણ શાસ્ત્ર આપે છે. દુઃખી દરિદ્રિ ઉપર તેને કરુણાભાવ રહે છે. આગળ ૩૭મા શ્લોકમાં તેની વિશેષ વાત આવશે. જેના ચિત્તમાં દુઃખી જીવો ઉપર કરુણા નથી તેને કદાપિ ધર્મ થઈ શકતો નથી. શ્રાવકને એવો વ્યવહાર-અહિંસાનો ભાવ આવે જ છે.

જુઓ તો ખરાં આ જૈનનો અનેકાંત માર્ગ! નિશ્ચયની સાથે આવો વ્યવહાર હોય તેનું નામ અનેકાંત છે. નિશ્ચયથી મોક્ષ થાય અને વ્યવહારથી પણ મોક્ષ થાય એવું અનેકાંત નથી.

એક તરફ કહે કે આત્મા નિર્લેપ જ્ઞાતાદૃષ્ટા છે. જેવું સિદ્ધનું સ્વરૂપ છે એવું જ તારું સ્વરૂપ છે. સિદ્ધમાં અને તારામાં કાંઈ ફેર નથી. ફેર માને છો તે તારી દૃષ્ટિ મિથ્યા છે. બીજી તરફ કહે છે આવા આત્માના ભાનવાળાને પણ મુનિ આદિને આહાર, અભય વગેરે દાન આદિનો વ્યવહાર—શુભરાગ હોય છે. પ્રવચનસારમાં કુંદકુંદ આચાર્ય કહે છે કે, એક મુનિને ઊલટી થતી હોય તે વખતે બીજા મુનિ કહે, 'મારે તો ધ્યાન કરવું છે. મારે બીજાનું કાંઈ કરવું નથી'. એમ ન હોય. સાંભળ! તારે તો અત્યારે ધ્યાનનો નહીં પણ વૈયાવૃત્તનો કાળ છે.

ગૃહસ્થાશ્રમમાં પણ શ્રાવકને બધો વિવેક હોય. એક વાત સાંભળી હતી કે, ઘરે સાસુ બહુ માંદા હતાં અને વહુ વર્ષીતપ કરતી હતી તો સાસુને ઠીક ન હોય તોપણ

વહુ કહે, હું ઘરે ન રહું મારે સામાયિકનો કાળ છે, મારે વ્યાખ્યાનનું ટાણું જાય છે. અરે! જોયો તારો ધર્મ! વ્યવહારમાં વિવેકના ઠેકાણા ન હોય અને હઠથી ધર્મ કરવા માગે એમ ધર્મ ન થાય. મુનિ પણ બીજા મુનિના રોગ કાળે તેની સેવા કરે છે. ધ્યાનની હઠ કરતાં નથી. કેમ કે. એ તેનો શુભરાગનો કાળ છે. તો જ સામે એવું નિમિત્ત આવ્યું છે. એ વખતે શુભરાગ પણ એના ક્રમમાં જ છે. એ વખતે કોઈ હઠ કરે તો તેને વસ્તુસ્થિતિનું ભાન જ નથી, વિવેક જ નથી.

વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. લૌકિક દૃષ્ટિએ તો પકડાય એવો નથી. એક તરફ નિશ્ચય કહે કે, જીવ પરની દયા પાળી શકતો નથી. ત્યાં વ્યવહાર કહે કે, જ્ઞાની પરની દયારૂપ અમૃતથી ભરેલાં હોય છે. પરની દયા પાળી શકાતી નથી એ વાત તો ત્રણકાળ ત્રણલોકમાં સાચી છે. છતાં ધર્મીને જ્યાં સુધી પોતાના શરીરના રક્ષણનો રાગભાવ આવે છે ત્યાં સુધી બીજાની દયાનો ભાવ આવ્યા વગર રહેતો નથી. તે પણ બીજાના કારણે નહીં પણ પોતાના કારણે પોતાના કાળે એવો શુભરાગ ન આવે તો તેને વિવેકનું ભાન નથી.

જેને આત્માનું ભાન નથી અને કષાયની મંદતા નથી તેનું ઘર તો તેને બાંધવા માટે જાળ સમાન છે—એમ અમને દેખાય છે એમ આચાર્યદેવ કહે છે. એક તરફ નિશ્ચયની સમયસારની ૧૧મી ગાથા અને બીજી બાજુ આ વ્યવહારની ગાથા—બંને મેળવાળી વાત છે. નિશ્ચય-વ્યવહારનું આવું જ સ્વરૂપ પ્રમાણજ્ઞાનમાં હોય છે. તેનાથી આવું-પાછું માને તેની દૃષ્ટિ પણ સાચી નથી અને વર્તન પણ સાચું નથી.

જે ઘરમાં યતીશ્વરોનું આવાગમન રહે છે તે ઘર ધન્ય ગણાય છે, અને જેના ઘરે એ નથી તે ઘર નથી પણ મનુષ્યને ફસાવા માટેની જાળ છે. તેમાં મનુષ્ય બંધાય જાય છે. અરે, ઘરમાં સંતોના પગલાં નહીં, સંત આવે તો આદર નહીં એ ઘર કેવું! એ તો જાળ છે. એ જાળમાં બંધાયેલો જીવ ચોરાશીના અવતારમાં રખડે છે. તેને પોતાનું મુક્તસ્વરૂપ કેવું છે અને મુક્તસ્વરૂપને બતાવનારા કોણ છે એનું ભાન જ નથી. માટે જેને મુક્ત થવું હોય તેણે યતીશ્વરોને હંમેશા દાન દેવું જોઈએ. પણ તેનો અર્થ એવો નથી કે, મુનિ ન મળે તો ગમે તે વેષધારીને દાન દેવું. બધાંમાં વિવેક જોઈએ. ઊંધી દૃષ્ટિવાળાને માને એની તો પોતાની જ દૃષ્ટિ વિપરીત છે. તેની આ વાત જ નથી. અહીં તો સમ્યક્‌શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક શ્રાવકના આચારની વાત છે.

अभयाहारभैषज्यशास्त्रदाने हि यत्कृते ।
ऋषीणां जायते सौख्यं गृहा श्लाघ्यः कथं न सः ॥ ३३ ॥

જેને મુનિ કે સાધર્મી આદિને કોઈ મારતું હોય તો બચાવવાનો ભાવ છે તે અભયદાન છે. ભક્તિના કાળે એવો રાગ આવ્યા વિના રહે જ નહીં એવું જ ક્રમબદ્ધ છે. જેમ થવાનું હશે તેમ થશે એમ કરીને શ્રાવક ઊભો ન રહે.

ક્રમબદ્ધની વાત આવી ત્યાં કેટલાક લોકો ગોટા ઊઠાવવા લાગ્યા છે. પાપ કરીને કહે, એ તો મારા ક્રમમાં હતું. ભાઈ! એમ કરીશ તો મરી જઈશ. ચોરાશીના અવતારમાં કયાંય તારો પત્તો નહીં ખાય. પાપ કરવા માટે ક્રમબદ્ધ કહ્યું ન હતું. સ્વચ્છંદ પોષવા માટે ક્રમબદ્ધ નથી. દારૂ પીવે, માંસ ખાય, પરસ્ત્રી સેવે, જુગાર રમે અને કહે કે મારા ક્રમમાં જ એ રજકણો આવવાના હતા માટે શું થાય! એમ ન હોય. એવા પાપભાવ તો ધર્મીને અને ધર્મની અભિલાષાવંતને પહેલાં ધડાકે જ છૂટી જવો જોઈએ.

ક્રમબદ્ધનો સિદ્ધાંત તો અનંતા પરપદાર્થનું અભિમાન ટાળવા માટે છે. આત્મામાં ક્રમે આવતાં રાગની કર્તાબુદ્ધિ ટાળવા માટે અને અકર્તા—જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનો ભાવ પ્રગટ કરવા માટે આ વાત છે. સ્વચ્છંદી થવા માટે ક્રમબદ્ધની વાત નથી.

કેટલાંક એમ માને છે કે, સાધુપણું આવવાનું હશે ત્યારે આવશે, પુરુષાર્થથી નહીં આવે. એમ ન હોય. આવવાનું હોય તો પુરુષાર્થથી જ આવે છે. જ્ઞાતા-દ્રષ્ટા સચ્ચિદાનંદ પ્રભુની દ્રષ્ટિ જેને વર્તે છે તેને ક્રમે ક્રમે તેની સાવધાનીના પુરુષાર્થથી જ સાધુપણું આવે છે. એની મેળાએ સાધુપણું આવી જતું નથી. ક્રમબદ્ધના માનનારથી દ્રષ્ટિ સ્વભાવ ઉપર હોય છે અને તે સ્વભાવની સાવધાનીમાં વર્તતા તેને ક્રમે ક્રમે રાગ-દ્વેષ ટળીને મુનિદશા આવે છે અને મુક્તિ થાય છે. ચારિત્ર વિના મુક્તિ કદી થાય નહિ.

જેના દ્વારા અભયદાન, આહારદાન, ઔષધદાન અને જ્ઞાનદાનથી મુનિઓને સુખ ઉત્પન્ન થાય છે તે ગૃહસ્થ કેમ પ્રસંશાને યોગ્ય ન હોય? આ નિમિત્તથી કથન છે. તેનો અર્થ એવો નથી કે, અભયદાનથી મુનિનું મરણ થતું નથી માટે મુનિને સુખ લાગે છે. પણ એવો મરણનો યોગ થતો નથી એમ કહેવું છે. મુનિરાજ ખાવાના વિકલ્પથી પણ સુખ માનતાં નથી પણ એટલી પ્રતિકૂળતા દૂર થાય છે એ અપેક્ષાએ સુખ થાય છે એમ વ્યવહારથી કહ્યું છે. જેને દુઃખરૂપ કહેવાય એવી પ્રતિકૂળતા થતી નથી માટે સુખ થયું એમ વ્યવહારથી કહેવાય છે. વ્યવહારના કથનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. શ્રાવકના દાનભાવથી મુનિને સુખ થાય છે એ વ્યવહાર છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૪ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય સામાન્ય અખંડ દ્રવ્યસ્વભાવ છે. તેના આલંબનથી જ નિર્મળતારૂપ ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ ને ટકવું થાય છે. જ્ઞાયકસ્વભાવનું વિશેષ અવલંબન કરતાં પંચમ ગુણસ્થાનને યોગ્ય અંતરંગ શુદ્ધિ થાય છે. ને તેટલા પ્રમાણમાં રાગની ઉત્પત્તિ થતી નથી. તે ભૂમિકામાં પાંચ અણુવ્રતાદિનું પાલન સહજ હોય છે. તેમાં હઠ કરવો પડતો નથી. સ્વભાવમાં ભાનપૂર્વકની એકાગ્રતા તે નિશ્ચય વ્રત છે, ને ત્યાં જે શુભરાગનો ભાગ રહે છે તે વ્યવહાર વ્રત છે. તેની અહીં વાત ચાલે છે.

પાંચ અણુવ્રતોમાં પ્રથમ અહિંસાણુવ્રત કહે છે :—

यः व्यापारयति सदयः आत्मना समं परं अपि मन्यमानः ।
निन्दनगर्हणयुक्तः परिहरमाणः महारम्भान् ॥ ३३१ ॥
त्रसघातं यः करोति मनोवचनकायैः नैव कारयित ।
कुर्वन्त अपि न इच्छति प्रथमव्रतं जायते तस्य ॥ ३३२ ॥

અર્થ :—જે જ્ઞાતા-સ્વભાવમાં વિશેષ જાગૃતિવાળો છે તે શ્રાવક બેઇન્દ્રિયથી પંચેન્દ્રિયરૂપ ત્રસ જીવોનો મન-વચન-કાયા દ્વારા પોતે ઘાત કરે નહીં, કરાવે નહીં, કરતાને અનુમોદે નહીં તેને અરાગી સ્વભાવદૃષ્ટિ અને લીનતાના કારણે પ્રથમ અહિંસાણુવ્રત હોય છે.

આત્મા જ્ઞાન અને રાગ સિવાય કાંઈ કરી શકતો નથી. પણ મન-વચન-કાયાના આલંબનમાં ત્રસઘાતનો ભાવ પોતામાં થવા ન દેવો તેનું નામ અહિંસા છે. હિંસા થતી હોય તો અનુમોદના આપવાનો ભાવ વ્રતીને થતો નથી. પરને મારવાની કે જીવાડવાની ક્રિયા કોઈ આત્માને આધીન નથી પણ શુભ-અશુભ રાગ વખતે બાહ્ય શું નિમિત્ત હોય છે તે તરફથી કથન થાય છે. પુણ્ય-પાપરૂપ અધર્મભાવ કે વીતરાગી ધર્મભાવ તો પોતામાં પોતે કરે તો થાય છે. કોઈ કરાવે અથવા પરના કારણે થાય એમ નથી.

જીવોના પ્રાણોનું જીવન-મરણ તો તેના આયુકર્મથી જ છે—એમ ધર્મી જાણે પણ કદી પ્રમાદથી પોતાને તીવ્ર રાગ થઈ આવે તો ગુરુ પાસે જઈ પાપની નિંદા કરે

છે, આલોચના, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત કરે છે. ગુરુ પાસે વિનયથી નિવેદન કરે છે. બોલવાની ક્રિયા તો જડની છે. તેનાથી પુણ્ય-પાપ નથી, પોતાના પ્રમાદ ભાવ અનુસાર પુણ્ય-પાપ છે. રાગ મંદ પાડે તો પુણ્ય છે, ધર્મ નથી. મહાઆરંભ છોડે છે, પરની ક્રિયામાં કાંઈ મહાઆરંભ-સમારંભ નથી પણ ત્યાં તીવ્રરાગ હતો તે અશુભરાગનું આલંબન છોડી જ્ઞાતામાત્ર સ્વભાવમાં અંશે જાગૃતિ વધારી તેનું નામ મહા આરંભયુક્ત મોટા વ્યાપારાદિ કાર્યોને છોડે છે એમ કહ્યું.

ભાવાર્થ :—પંચમગુણસ્થાને ત્રસઘાત કરે, કરાવે કે અનુમોદે નહીં. પર જીવોને પોતા સમાન જાણે ને જ્ઞાતાપણામાં ધીરજ હોવાથી પરઘાત કરતો નથી. મારવાનો ભાવ કરતો નથી. હું પણ અનંત ગુણનો પિંડ પરમાત્મા જેવો છું ને તે બધા જીવ પણ કેવળ જ્ઞાનાનંદની મૂર્તિ છે. વર્તમાન અવસ્થામાં સંસાર મલિનભાવ છે તે ગૌણ કરીને અસલી આત્મસ્વભાવને મુખ્ય કરીને દેખે છે તેથી કોઈ પ્રત્યે શત્રુ-મિત્રની બુદ્ધિ કરતો નથી, પરજીવને મારવાનો ભાવ સહજ થતો નથી.

અહો ! પંચમગુણસ્થાનવર્તી કોઈ જીવ નિર્ધન કે રોગી હોય તો તેને પણ સર્વાર્થ-સિદ્ધિ સ્વર્ગના દેવ કરતાં અનંતગણી અધિક શાંતિ છે. કેમ કે બે કષાય ચોકડીનો અભાવ થઈ અંતરંગ શાંતિ વધી ગઈ છે. અન્ય જીવોને તે પોતા સમાન માને છે. તેથી તેનો વધ, બંધન, અતિભાર આરોપણ, અન્નપાન નિરોધન કરે-કરાવે નહીં કારણ કે તેમાં તે પ્રાણીને દુઃખ થાય છે. માટે તેવી ક્રૂરતા ન કરે.

હવે બીજું સત્યાણુવ્રત કહે છે :—

हिंसावचनं न वदति कर्कशवचनं अपि यः न भाषते ।
निष्ठुरवचनं अपि तथा न भाषते गुह्यवचनं अपि ॥ ३३३ ॥
हितमितवचनं भाषते सन्तोषकरं तु सर्वजीवानाम् ।
धर्मप्रकाशनवचनं अणुव्रती भवति सः द्वितीयः ॥ ३३४ ॥

શ્રાવક હિંસાનું વચન તેમ જ કર્કશ કે નિષ્ઠુર વચન ન કહે, પરનાં ગુહ્ય વચન ન કહે. ખાનગી વાત ઊઘાડી ન પાડે. જ્ઞાનીના વચનમાં પ્રમાણિકતા હોય છે. આત્મા વચન બોલી શકે એમ નથી, પણ ભાવમાં સ્વરૂપની વિશેષ શાંતિ વધી છે તેથી તીવ્ર પ્રમાદ કરતો નથી. શાસ્ત્રમાં તો કહ્યું છે કે પાંચમા ગુણસ્થાનથી ધર્મી જીવને અનાદેય, અયશ, કીર્તિ, દુર્ભગ, અશુભકર્મનો ઉદય નથી. એટલે શું ? કે બહારમાં ભલે શરીર કાળું કે રોગી વગેરે હોય, કોઈ નિંદા કરે, નિર્ધનતા હોય પણ

પોતાને એવો માનતો નથી. એવી ખેદરૂપ લાગણી સ્વભાવના જોરે થવા દેતો નથી. તેથી ઉપરના અશુભ કર્મનો ઉદય તેને માટે ઉદય કહેવાતો નથી.

સામાયિકનો પ્રયોગ એટલે આત્માના અપૂર્વ આનંદનો સ્વાદ જે સમ્યગ્દર્શનમાં અનુભવ્યો છે તેને પ્રગટ વિશેષ સ્વાદરૂપ કરવા માટે અંતરમાં વિશેષ લીનતાનો અભ્યાસ બે ઘડી કરે છે તે આનંદદશાને પાંચમાં ગુણસ્થાનની સામાયિક કહે છે. શરીર એક સ્થાને બેસે વગેરેમાં સામાયિક નથી.

જ્ઞાનીનાં વચનો આડું અવળું ભરડી નાખે એવા ન હોય. બીજાને અસંતોષ થાય તેની જવાબદારી જ્ઞાનીને નથી પણ બીજાને દુઃખ ન થાય એવું બોલવાના ભાવ પોતાને હોય છે. પણ પુણ્યથી ધર્મ થાય, વ્યવહાર કરે તો નિશ્ચય થાય એમ આડાં અવળાં વચન ન કહે, પણ સત્યધર્મને પ્રકાશવાવાળા સ્વ-પરને હિતરૂપ, પ્રમાણરૂપ, સર્વ જીવોને સંતોષદાયક વચન કહે છે, તે બીજા સત્યાણુવ્રતનો ધારક થાય છે.

ભાવાર્થ :—અસત્ય વચન અનેક પ્રકારનાં છે. તેનો સર્વથા ત્યાગ તો સકળ ચારિત્રધારક નગ્ન દિગંબર ભાવલિંગી સંતને હોય છે. ક્ષણે ક્ષણે સિદ્ધ પરમાત્મા જેવો અતીન્દ્રિય આનંદ વેદે જ છે એવું મુનિપદ છે. તેમને સત્ય મહાવ્રત હોય છે. તેના અંશરૂપમાં શ્રાવક સમકિતીને હોય છે. જે વચન બીજાને કડવું લાગે, સાંભળતાં જ ક્રોધ થાય, કર્કશ, ઉદ્વેગ, ભય, શોક અને કલહકારી નિષ્ઠુર વચન બોલવાનો ભાવ ધર્મીને હોય નહીં. આવું ન બોલે તે તો ચરણાનુયોગનું ઉપચારથી કથન છે.

અન્યના ગુપ્ત મર્મના પ્રકાશક વચનો ન કહે, જેમાં અન્યનું અહિત થાય એવું ન બોલે. અત્યારે તો શરીરની ક્રિયા કરી શકાય છે, પુણ્યથી વ્યવહારથી ધર્મ થાય છે એમ કહેનારા અને સ્વતંત્ર સતનો વિરોધ કરનારા ઉપદેશકો ઘણાં છે. જેને વીતરાગતા પ્રગટી છે તેને નીતિનું જીવન સહજ હોય છે. હિત-મિત વચન દ્વારા સદ્ધર્મ પ્રકાશક વચન કહે. વળી મિથ્યા ઉપદેશ, ગુપ્ત રહસ્ય પ્રકાશન, ખોટા લેખ, મૂકેલી થાપણ લેવા આવનાર ભૂલથી ઓછી માગે તો ઓછી આપે, સાકારમંત્રભેદ એ પાંચે અતિચાર ટાળે છે. તાત્પર્ય એ છે કે જેમાં સ્વ-પરને હાનિ થાય, વૃથા પ્રલાપવાક્યોથી પોતાને પણ પ્રમાદ વધે એવાં સ્થૂળ અસત્યવચન અણુવ્રતી શ્રાવક કહે નહીં, કહેવડાવે નહીં અને કોઈ કહે તો ભલું જાણે નહીં.

હવે ત્રીજું અચૌર્યાણુવ્રત કહે છે :—

यः बहुमूल्यं वस्तु अल्पमूल्येन नैव गृह्णाति ।
विस्मृतं अपि न गृह्णाति लाभे स्तोके अपि तुष्यति ॥ ३३५ ॥

यः परद्रव्यं न हरति मायालोभेन क्रोधमानेन ।
दृढचित्तः शुद्धमतिः अणुव्रती सः भवेत तृतीयः ॥ ३३६ ॥

અર્થ :—જે શ્રાવક બહુમૂલ્યની વસ્તુ અલ્પમૂલ્યમાં લે નહીં, ચોરીનો માલ લે નહીં. સહજાનંદની પૂર્ણ પ્રતીતિથી નિઃશંક નિર્ભય હોય છે તેથી કોઈ પ્રકારે ચોરી કરે-કરાવે કે અનુમોદે એવો તીવ્રરાગ પાંચમા ગુણસ્થાને આવે જ નહીં. કપટ, ક્રોધ, માનથી પરનું દ્રવ્ય ન લે, વળી સહજ વૈરાગી હોવાથી દૃઢ ચિત્તવાળો છે. તે ગમે તેવી સ્થિતિ ઊભી થાય તો પણ પ્રતિજ્ઞા બગાડે નહીં, તથા તે નિર્મળ મતિવાન છે.

ભાવાર્થ :—સાત વ્યસનનો ત્યાગ પ્રથમ સમ્યગ્દર્શનથી જ હોય છે, પાંચમે ગુણસ્થાને તેના અતિચાર પણ ટાળે છે, તેથી સીધી રીતે ચોરીનો ત્યાગ તો પ્રથમ દર્શનપ્રતિમામાં હોય છે. તેમાં વિશેષ એ છે કે માર્ગમાં કોઈની પડી વસ્તુ ઊઠાવી લે નહીં. થોડા નફાથી સંતોષ રાખે, કારણ કે ઘણાં લોભથી અનર્થ ઉત્પન્ન થાય છે. કપટથી ફસાવીને કોઈનું ધન લે નહીં. ભય બતાવી પરધન હરે નહીં, પરની પાસે લેવરાવે નહીં. તે લેનારને ભલો જાણે નહીં.

નિર્મોહિ જ્ઞાનાનંદ શાંતિના મહિમા આગળ સંસારની તુચ્છતા જ ભાસે છે તેથી તીવ્ર પાપમાં જોડાણ પાંચમા ગુણસ્થાને હોય નહીં. [ ક્રમશઃ ]

—*—

[ સમ્યક્ત્વને બાધક દેશ,...અનુસંધાન પેજ ૨૦થી ચાલુ ]

ચરણાનુયોગમાં શ્રાવક અને મુનિના આચરણની વિધિ બતાવી છે માટે ત્યાં એવા જ વ્યવહારના કથનો આવે. તે કથનો પણ લાવ્યા લવાતાં નથી, આવે છે. એક તરફ વ્યવહાર કહે કે, શાસ્ત્રજ્ઞાનથી સુખ થાય, હંમેશા શાસ્ત્રસ્વાધ્યાય હોવો જોઈએ. અને બીજી તરફ કહે કે, ભાવશ્રુતરૂપે પરિણમ્યો તેને શાસ્ત્ર ભણવાની કાંઈ અટક નથી. બંને વાત તેના સ્થાને યથાર્થ છે બાપુ! શાસ્ત્રસ્વાધ્યાયના ભાવ તો ગણધરદેવને પણ આવે છે. તો નીચેની ભૂમિકાવાળાને તો એટલી સ્થિરતા કયાં છે કે, શાસ્ત્ર ભણવા આદિનો ભાવ ન આવે!

ये गृही श्लाघ्यः कथं न सः ? ધર્માત્માઓને આવા આહાર, અભય, જ્ઞાનાદિ દાન દેનારા ગૃહસ્થો કેમ પ્રસંશાને યોગ્ય ન હોય? અવશ્ય હોય. માટે આવા ગૃહસ્થની સર્વલોક પ્રસંશા કરે છે. ગૃહસ્થે હંમેશા આવું ઉત્તમ દાન જરૂર દેવું જોઈએ. [ ક્રમશઃ ]

તા. ૫-૧૨-૯૨

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી સમયસાર પર (૧૯મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૧૫ થી ૮-૧૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી કળશટીકા પર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

* ગુરુ-ઉપકાર-સ્મૃતિના ૧૨માં વાર્ષિક અવસરે બહારગામથી મુમુક્ષુભક્તો પૂજ્ય ગુરુદેવની સાધના તેમ જ સમાધિભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી તીર્થધામના દર્શનનો, ગુરુદેવ પ્રતિ ભક્ત્યંજલિ સમર્પિત કરવાનો તથા અધ્યાત્મ-તત્ત્વજ્ઞાનનો લાભ લેવા આવ્યા હતા. પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી-જિનમંદિર તથા પ્રવચનસમયે શ્રી સ્વાધ્યાયમંદિર મુમુક્ષુઓથી ભરાઈ જતાં હતાં. આ પ્રસંગે અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સવારે, બપોરે તથા સાંજે—ત્રણે ટાઇમ આધ્યાત્મિક અને વૈરાગ્યમય ટેપ-પ્રવચનો રાખવામાં આવ્યા હતા. રાત્રે વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની યાત્રાના પ્રસંગો બતાવ્યા બાદ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા બતાવવામાં આવતી હતી. સવારે ટેપ-પ્રવચન બાદ અને બપોરે ટેપ-પ્રવચન બાદ આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા અનુક્રમે મંડલ-વિધાન-પૂજા અને જિનેન્દ્રભક્તિ કરાવવામાં આવતા હતા. આ વાર્ષિક સમાધિદિન નિમિત્તે કાયમી મંડલ વિધાન પૂજા—

સ્વ૦ શ્રી રતિલાલ હરગોવિંદદાસ મોદીના સ્મરણાર્થે સોનગઢ, હાલ-ઘાટકોપર હા. ચંપાબેન રતિલાલ તરફથી રાખવામાં આવી હતી.

[ ગતાંકમાં સ્થળ-સંકોચના કારણે બાકી રહેલાં સમાચાર :— ]

* શ્રી મહાવીર-નિર્વાણ-કલ્યાણક-મહોત્સવ તેમ જ સુપ્રભાતદિન ધાર્મિક-વિશેષ કાર્યક્રમ પૂર્વક આનંદથી ઉજવાયો હતો. બહારગામથી ઘણાં મહેમાનો લાભ લેવા આવેલાં. આ પ્રસંગે કાયમી મંડલવિધાનપૂજા [ અંક નં. ૫૮૭માં જણાવ્યા ઉપરાંત ]—

( ૪ ) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર તથા

પ્રાસંગિક મંડલવિધાનપૂજા— (૧) શ્રી ધનંજય, વિરલ, ચિંતન દોશી તથા જિણંદ, દર્શના, વિકાસ શાહ (૨) શ્રી પ્રફુલ્લચંદ છબીલદાસ વારીયા, મહુવા (૩) શ્રી દામોદરદાસ હંસરાજ મોદી, હા. યોગેશભાઈ તથા ચિદ્રૂપ, અમદાવાદ (૪) આત્મીબેન જિનેશકુમાર દોશી હા. કુસુમબેન નવનીતરાય, મુંબઈ (૫) શ્રી વિજયાબેન હરગોવિંદદાસ મોદી પરિવાર હા. કમળાબેન રતિલાલ મહેતા

—તરફથી રાખવામાં આવી હતી.

* કારતકમાસની નંદીશ્વર અષ્ટાહ્નિકા પૂજા-ભક્તિ આદિ વિવિધ ધાર્મિક કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે—

કાયમી મંડલવિધાનપૂજા ( અંક નં. ૫૮૮માં જણાવ્યા ઉપરાંત ) : (૫) સ્વ શ્રી રવિચંદ વિકમચંદ સંઘવી હા. જ્યોત્સનાબેન, વાંકાનેર હાલ મદ્રાસ (૬) શ્રી સરલાબેન રજનીકાંત ગોસળીયા હા. અંકુરભાઈ વોશિંગ્ટન તથા

પ્રાસંગિક મંડલવિધાનપૂજા— સ્વ. પ્રભાબેન શાંતિલાલ શાહ, ઘાટકોપરના સ્મરણાર્થે હા. શાંતિલાલ છોટાલાલ શાહ તથા ભરતભાઈ શાંતિલાલ શાહ

—તરફથી રાખવામાં આવી હતી.

* ધાર્મિક શિક્ષણવર્ગ :— નાતાલની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૨થી તા. ૨-૧-૯૩— દસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

* રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુલાલ મોહનલાલ ઘીયાના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીની સમાધિતિથિ પ્રસંગે અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

* માગશર વદ આઠમ તા. ૧૯–૧૨–૯૨ને શનિવારના રોજ આપણા પરમ પૂજ્ય દિગંબર આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા થનારી પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

—o—

## વૈરાગ્ય સમાચાર :—

* રાજકોટનિવાસી શ્રી નાથાલાલ લીલાધર (વર્ષ–૮૮) તા. ૩૧–૮–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી (હાલ–મુંબઈ) શ્રી વસંતબહેન મનહરલાલ કોઠારી (વર્ષ–૬૪) તા. ૨૮–૧૦–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરતનિવાસી સ્વ. શ્રી મહેન્દ્રભાઈ ભુરાલાલ કામદારના પુત્ર પ્રશાંત (વર્ષ–૧૦) તા. ૬–૧૧–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* હૈદરાબાદનિવાસી શ્રી ખીમજી દેવરાજ જૈન (વર્ષ–૬૪) (—બ્ર. સુશીલાબેન કચ્છી–સોનગઢના મામા) તા. ૧૦–૧૧–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચાંપાબેરાજા (હાલ–મુલુન્ડ) શ્રી હેમરાજ ગોસર ગોસરાણી (—શ્રી ભગવાનજીભાઈ શાહના પિત્રાઈ વડીલ બંધુ) (વર્ષ–૯૧) તા. ૧૧–૧૧–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી (હાલ–મુંબઈ) શ્રી પ્રતાપરાય શીવલાલ ગાંધીના ધર્મપત્ની શ્રી નિર્મળાબેન (વર્ષ–૬૪) તા. ૧૭–૧૧–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

ખંડવા શહેર (મધ્ય પ્રદેશ)માં

## 卐 શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા 卐

ખંડવા (મધ્ય પ્રદેશ)ના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મ-શુદ્ધામ્નાયાનુયાયી દિગંબર જૈન મુમુક્ષુમંડળ તેમ જ શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિ૦ જૈનમંદિર ટ્રસ્ટ તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રતિ શ્રદ્ધાભક્તિવંત સમસ્ત અધ્યાત્મતત્ત્વપ્રેમી મુમુક્ષુસમાજને સાદર, વિનમ્ર તેમ જ હાર્દિક અનુરોધ છે કે આગામી માઘ સુદ ૬, શુક્રવાર, તા. ૨૯–૧–૯૩ થી માઘ સુદ ૧૩, શુક્રવાર, તા. ૫–૨–૯૩ —આઠ દિવસ અમારા ખંડવા (મધ્ય પ્રદેશ)માં— પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારછાયામાં અત્યાનંદોલ્લાસ સહ સમ્પન્ન થનારા 'શ્રી આદિનાથ આદિ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ'માં આપ સર્વે સપરિવાર તેમ જ મુમુક્ષુ-મિત્રમંડળ સહિત પધારીને પૂજ્ય કહાનગુરુ દ્વારા પ્રસારિત ધર્મભાવનાની શોભામાં તથા અમારા ધર્મોલ્લાસમાં અભિવૃદ્ધિ કરશો. ખંડવા પધારવાથી પંચકલ્યાણકના જિનેન્દ્રભક્તિભીના ભાવવાહી કાર્યક્રમ ઉપરાંત આપ ખંડવાના અન્ય જિનમંદિરોમાં સ્થિત પ્રાચીન જિનબિંબોના દર્શન-પૂજનો, સમીપસ્થ બડવાની પાવાગિરિ (ઊન), સિદ્ધવરકૂટ આદિ સિદ્ધક્ષેત્ર, ઇન્દોર શહેરના વિશાલ ભવ્ય જિનમંદિર તથા 'ગોમ્મટગિરિ' આદિની ભવ્ય યાત્રાનો પણ લાભ લઈ શકશો. પંચકલ્યાણક-મહોત્સવની મુદ્રણાધીન ભવ્ય નિમંત્રણપત્રિકા યથાસમયે મોકલવામાં આવશે.

સૂચના :—(૧) પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની તથા અખંડદીપ-પ્રદીપન, ધર્મધ્વજારોહણ અને પંચપરમેષ્ઠીમંડલ-વિધાનના ઇન્દ્રોની બોલી તા. ૨૮–૧–૯૩, ગુરુવારના રોજ તથા— (૨) પંચકલ્યાણકના ઇન્દ્ર, કુબેર ઇત્યાદિની બોલી તા. ૨૯–૧–૯૩, શુક્રવારના રોજ બોલવામાં આવશે.

નિમંત્રક :—

શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિ૦ જૈનમંદિર ટ્રસ્ટ, ખંડવા

અધ્યક્ષ—કૈલાશચન્દ્ર જૈન